
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૧૫ : અંક ૧ ]    અમદાવાદ : તા. ૧૫-૧૦-૪૯    [ ક્રમાંક : ૧૬૯

## વિષય-દર્શન


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. પ્રાસંગિક નોંધ. | સંપાદક. | ૧ |
| ૨. પ્રતીકાર ને પ્રત્યુત્તર. | ” | ૩ |
| ૩. અપભ્રંશના કવિઓનું સર્જકબળ અને અભિનવ તત્ત્વદર્શન. | શ્રી. રાહુલજી. | ૮ |
| ૪. ગુલાબ અને કાંટા. | જ. | ૯ |
| ૫. ઈતિહાસને અજવાળે. | શ્રી. મોહનલાલ દી. ચોકસી. | ૧૨ |
| ૬. શ્રી કેસરિયાજી તીર્થસંઘવર્ણન. | પૂ. મુ. મ. શ્રી ન્યાયવિજયજી. | ૧૪ |
| ૭. હીરસૌભાગ્ય મહાકાવ્યનો પૂર્વભવ. | પૂ. મુ. મ. શ્રી દર્શનવિજયજી. | ૧૯ |
| ૮. સુનંદા અને સુમિત્ર. | N. | ૨૪ |
| ૯. પ્રશ્નોત્તર કિરણાવલી. | પૂ. આ. મ. શ્રી વિજયપદ્મસૂરિજી. | ૩૦ |
| ૧૦. નવી મદદ. | ટાઈટલ પાનું. | ૨ |
| ૧૧. ગ્રંથસ્વીકાર. | ” ” | ૩ |


લવાજમ : વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવી મદદ

૨૫) પૂ. આ. મ. શ્રીવિજયમહેન્દ્રસૂરિજીના સદુપદેશથી શ્રી ઓશવાલ જૈન સંઘ, શિવગંજ.

૨૫) પૂ. પં. મ. શ્રીકીર્તિમુનિજીના સદુપદેશથી શ્રીવીરવિજયજીનો જૈન ઉપાશ્રય. અમદાવાદ

૨૫) પૂ. મુ. મ. શ્રીભાનુવિજયજીના સદુપદેશથી શ્રીલાલબાગ જૈન ઉપાશ્રય. મુંબઈ.

૨૧) પૂ. પં. મ. શ્રીકનકવિજયજીના સદુપદેશથી શ્રી તપગચ્છ જૈન અમરશાળા. ખંભાત.

૨૧) પૂ. મુ. મ. શ્રીમેરુવિજયજી તથા શ્રીદેવવિજયજીના સદુપદેશથી જૈન સંઘ કોઠ.

૨૦) પૂ. ઉ. મ. શ્રીધર્મવિજયજીના સદુપદેશથી જાની શેરી જૈન સંઘ વડોદરા.

૨૦) પૂ. આ. મ. શ્રીવિજયહર્ષસૂરિજીના સદુપદેશથી શ્રીપોરવાડ જૈન સંઘ. શિવગંજ.

૧૫) પૂ. આ. મ. શ્રીવિજયઉમંગસૂરિજીના સદુપદેશથી શ્રી જૈન સંઘ. સાબરમતી.

૧૧) પૂ. પં. મ. શ્રીનવીનવિજયજીના સદુપદેશથી શ્રી જૈન શ્વેતાંબર સંઘ. બીજાપુર (દક્ષિણ)

૧૦) પૂ. મુ. મ. શ્રીલબ્ધિસાગરજીના સદુપદેશથી શ્રીશાંતિનાથજી જૈન પેઢી. બીલીમોરા.

૧૦) પૂ. મુ. મ. શ્રીચંદનસાગરજીના સદુપદેશથી શ્રી વેજલપુર જૈન સંઘ. ભરૂચ.

૧૦) પૂ. આ. મ. શ્રીવિજયભુવનતિલકસૂરિજીના સદુપદેશથી શ્રી બગવાડા પરગણા જૈન સંઘ. બગવાડા.

૧૦) પૂ. આ. મ. શ્રીવિજયોદયસૂરિજીના સદુપદેશથી શ્રી જૈન શ્વેતાંબર તીર્થ કમિટી. તલાજા

૧૦) પૂ. મુ. મ. શ્રીબુદ્ધિસાગરજીના સદુપદેશથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પેઢી. નવસારી.

૧૦) પૂ. પં. મ. શ્રીહેમસાગરજીના સદુપદેશથી શ્રીશ્વેતાંબર જૈન સંઘ. વેજલપુર.

૧૦) પૂ. પં. મ. શ્રી કૈલાસસાગરજીના સદુપદેશથી શ્રીજૈન સંઘ. ડભોઈ.

૧૦) પૂ. પં. મ. શ્રીદેવેન્દ્રસાગરજીના સદુપદેશથી શ્રી નવાપુરા જૈન સંઘ. સુરત.

૧૦) પૂ. આ. મ. શ્રીવિજય અમૃતસૂરિજીના સદુપદેશથી શ્રીશાંતિભુવન જૈન સંઘ. જામનગર.

૧૦) પૂ. મુ. મ. શ્રીપુણ્યોદયવિજયજીના સદુપદેશથી શ્રી ઓશવાલ જૈન સંઘ. બોરસદ.

૧૦) પૂ. મુ. મ. શ્રીભદ્રંકરવિજયજીના સદુપદેશથી શ્રીજૈન પંચ વાપી.

૩) પૂ. આ. મ. શ્રી વિજયહિમાચલસૂરિજીના સદુપદેશથી શ્રીજૈન સંઘ સમસ્ત. ગામગુડા (મેવાડ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्य प्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| | | |
|---|---|---|
| वर्ष १५ | વિક્રમ સં. ૨૦૦૫ : વીરનિ. સં. ૨૪૭૫ : ઈ. સ. ૧૯૪૯ | क्रमांक |
| अंक १ | આસો વદિ ૮ : શનિવાર : ૧૫ ઓકટોબર | १६९ |

## પ્રાસંગિક નોંધ

"શ્રીજૈન સત્ય પ્રકાશ" માસિક આ અંકથી પંદરમા વર્ષમાં પ્રવેશે છે એ શુભ અવસરે ગયા વર્ષ દરમિયાન સમિતિ તથા માસિકને જેમણે આર્થિક તેમજ બૌદ્ધિક સહકાર આપ્યો છે તે સૌનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં પણ એવો સહકાર આપતા રહેવાને અમે વિનવીએ છીએ.

છેલ્લાં કેટલાંક વર્ષોથી કાગળના ભાવો અને છપાઈ વગેરેની મોંઘવારીથી માસિકને વધુ સમૃદ્ધ બનાવવાની ભાવના હોવા છતાં અમારે આર્થિક મર્યાદામાં સંકોચ રાખવો પડયો છે. છતાં ગયા વર્ષમાં માસિકે સાહિત્ય, ઈતિહાસ, શિલ્પસ્થાપત્ય, ચરિત્ર વિષયક વિવિધ સામગ્રીના લેખોથી અને જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લખાણોના પ્રતીકારથી જે પ્રગતિ કરી છે તે સુવિદિત છે.

માસિકના નવા વર્ષના આરંભથી માસિકમાં અપાતી સાહિત્યિકસામગ્રીમાં જે ફેરફાર કરવા ધાર્યો છે એ વિશે અમે ચૌદમા વર્ષના છેલ્લા અંક (ક્રમાંક: ૧૬૮)માં નિર્દેશ કર્યો છે અને એ દિશામાં પ્રગતિ થાય એ માટે પૂજ્ય મુનિરાજો અને વિદ્વાનોને એવા લેખો લખી મોકલવા અમે વિનંતી કરીએ છીએ.

ભારતીય ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરનારા વિદ્વાનોનું ધ્યાન હવે જૈન સંસ્કૃતિ તરફ આકર્ષાયું છે, અને તેઓ ભારતીય ધર્મોની પ્રાચીન પરંપરા વૈદિક અને શ્રમણ સંસ્કૃતિ વિશે ઊંડી અને વિસ્તૃત ગવેષણા કરતા થયા છે. એવા સમયે જૈન સંઘની ફરજ છે કે, તેવા વિદ્વાનોને જૈન સાહિત્ય અને તેના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભ્યાસનાં સાધનો કેમ સુલભ બને એ દિશા તરફ ધ્યાન દોરાવું જોઈએ. એ દિશામાં આ માસિક પણ એવા મૌલિક લેખો દ્વારા જેટલો બની શકે તેટલો ફાળો નોંધાવવા બનતું કરી શકે એવી લેખ સામગ્રી મોકલવા વિદ્વાનોને વિનવીએ છીએ.

જૈન સંઘમાં વર્ષ દરમિયાન જે પ્રગતિકારક ઘટનાઓ બને તેની હકીકત આપવાનો અમે ઈરાદો રાખ્યો છે એ મુજબ ગયા વર્ષ દરમિયાન જૈનોનાં તીર્થો સંબંધે જૈન સંઘ ગૌરવ લઈ શકે તેવો પ્રયાસ થયો છે, તેનો ઉલ્લેખ કરવાનું અમે ચૂકતા નથી. શ્રી શત્રુંજય જેવા પવિત્ર તીર્થની યાત્રા કરવા માટે જૈન સંઘને દર વર્ષે રૂા. ૬૦,૦૦૦) ભરવા પડતા હતા, ગિરનાર જેવા પ્રાચીન તીર્થમાં મંદિરનો જીર્ણોદ્ધાર કે બીજા સુધારા-વધારા કરવા માટે મુશ્કેલીઓ નડતી હતી, આબુ જેવા દર્શનીય તીર્થમાં મુંડકાવેરો આપવો પડતો હતો—આ બધી સંકડામણોમાંથી મુંબઈ સરકાર અને સૌરાષ્ટ્ર સરકારે જૈન સંઘને મુક્ત કરી સ્વતંત્ર અધિકારો બક્ષ્યા છે, વળી આબુ તીર્થના જીર્ણોદ્ધાર માટે જે આરસ—પથ્થર ત્યાંના મંદિરોમાં વપરાયો છે તેવા પથ્થરો મેળવવા માટે ખૂબ પ્રયાસ પછી દાંતા સ્ટેટની હદમાંથી ખાણો મળી આવી, તેના પથ્થરો દાંતાના રાજવી કોઈ પણ શરતે આપતા નહોતા તે પણ હવે મુંબઈ સરકારે વાપરવાની છૂટ આપી છે. તેને માટે જેમણે તન, મનથી જે સેવા અને સહકાર આપ્યો છે તે ખરેખર અભિનંદનીય છે.

આ તીર્થો અને તેના જીર્ણોદ્ધાર માટે શ્રીમાન્ કસ્તુરભાઈ લાલભાઈ શેઠે ભારે જહેમત ઉઠાવી ઉપર્યુક્ત તીર્થોને મુશ્કેલીમાંથી મુક્ત કરાવ્યાં છે તે માટે તેઓ જૈન સંઘના આદરપાત્ર બન્યા છે. એટલું જ નહિ, જૈન સંઘે તેમનો યોગ્ય સત્કાર કરી, માનપત્ર આપી સેવાના ઉજ્જવળ આદર્શનો પાઠ શ્રીસંઘ સમક્ષ રજુ કર્યો છે તે ગૌરવપ્રેરક છે.

જૈનધર્મ વિશે આક્ષેપાત્મક લખાણો કેટલેક સ્થળે પ્રસિદ્ધ થયા કરે છે તેનો પ્રતીકાર કરી શકાય એવી માહિતી પૂરી પાડવા માટે પણ અમે સૌ કોઈને વિનવીએ છીએ.

પ્રકાશિત થતા ગ્રંથોની સ્વીકારતી નોંધ હવેથી શરૂ કરી છે માટે લેખક મહાશયો પોતાનું પુસ્તક પ્રગટ થતાં મોકલી આપે એવી આશા રાખીએ છીએ.

અંતમાં—જૈન સંસ્કૃતિનું ગૌરવ વધે અને જનરુચિનું પોષણ થાય એવી સામગ્રીથી આ માસિકને સમૃદ્ધ બનાવવા આર્થિક તેમજ સાહિત્ય વિષયક સહકાર માટે અમે સૌ કોઈને હાર્દિક રીતે આમંત્રણ આપીએ છીએ.

—તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતીકાર ને પ્રત્યુત્તર

[૧]

## 'પ્રજાબંધુ' પત્રના ટીકાકારને પ્રત્યુત્તરઃ

અમદાવાદના વંડાવીલામાં તા. ૩૦–૮–૪૯ના રોજ શ્રીમાન કસ્તુરભાઈ લાલભાઈ શેઠને, તેમણે ધર્મની કરેલી અનુપમ સેવા બદલ, તેઓશ્રીને માનપત્ર આપવા માટે શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક સમસ્ત જૈન સંઘનો એક ભવ્ય મેળાવડો નગરશેઠ શ્રી વિમલભાઈ મયાભાઈના પ્રમુખપણા હેઠળ યોજવામાં આવ્યો હતો. તેમાં તીર્થો માટે શેઠે પોતાની શક્તિ અને સમયનો ભોગ આપી સંઘની જે અજોડ સેવા બજાવી તે વિશે અનેક વક્તાઓએ પોતપોતાનાં દૃષ્ટિબિંદુઓ રજુ કરી તેમની પ્રશંસા કરી, માનપત્ર આપી તેમનું બહુમાન કર્યું હતું.

શ્રીમાન શેઠે વક્તાઓનાં કથનનો નમ્રપણે જવાબ વાળતાં જે વક્તવ્ય રજુ કર્યું હતું તેના વિશે અમદાવાદથી પ્રગટ થતા સાપ્તાહિક "પ્રજાબંધુ" ના તા. ૧૮–૯–૪૯ના અંકના બારમા પૃષ્ઠ ઉપર "જૈન સંસ્કૃતિ શામાં રહેલી છે" એ શીર્ષક હેઠળ એક લાક્ષણિક ઢબની ટીકા પ્રગટ થઈ છે તે તરફ અમે વાચકોનું ધ્યાન દોરીએ છીએ.

એ ટીકાકારના સમગ્ર લખાણને જોતાં તેમણે સંસ્કૃતિના એક તરફી પડખાને સ્પર્શી ચર્ચા કરી છે જેમાં મૂર્તિવાદ પ્રત્યેનો તેમનો પ્રગટ રોષ ઠલવવાતો હોય એવું સહેજે જણાઈ આવે છે. અમે એના લાંબા વિવેચનમાં ન ઊતરતાં અહીં એટલું જ જણાવીશું કે, શ્રીયુત કસ્તુરભાઈ શેઠે શ્રમણ સંસ્કૃતના પાયા સ્વરૂપ સમભાવ, ત્યાગ અને તપશ્ચર્યાનો લેશ પણ વિરોધ કર્યા સિવાય જૈન સંસ્કૃતિનું ઉજ્જવળ ઐતિહાસિક દૃષ્ટિબિંદુ રજુ કર્યું હતું તેમ છતાં 'પ્રજાબંધુ' ના એ સાહિત્યપ્રિય લેખકને કંઈક વિલક્ષણ ધ્વનિ સંભળાયો અને તેનું તેમણે આલેખન કર્યું છે.

શ્રીયુત કસ્તુરભાઈ શેઠે જૈન સંસ્કૃતિનાં વિવિધ અંગો પૈકી તીર્થો, તેનાં શિલ્પ-સ્થાપત્યો અને જૈન ભંડારોમાં રહેલા અલભ્ય અને અમૂલ્ય ગ્રંથરત્નો વગેરેનો ઊંડો તલસ્પર્શી અભ્યાસ માત્ર જૈનોની નહિ પણ જૈનતરોની દૃષ્ટિએ પણ થવો જોઈએ એવું સૂચન કરતાં સર્વધર્મ સમન્વયની દષ્ટિ જે જૈનધર્મના પ્રાણ સ્વરૂપ છે એનો ખ્યાલ આપ્યો હતો. મંદિરો, મૂર્તિઓ, ગ્રંથો વગેરે જનતામાં ધાર્મિકતા પ્રવાહિત રાખવાના અમૂલાં સાધનો છે. સામૂહિક ધર્મભક્તિ હમેશાં પ્રતીકની શોધ તરફ વળે છે અને તેથી મૂર્તિ અને કળામય શિલ્પવાળાં મંદિરોનું નિર્માણ થાય છે, એ એક હકીકત છે. મંદિરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે ગ્રંથો એ તો સાંસ્કૃતિક ઇતિહાસના સીમાસ્તંભો છે, એ વિના ઇતિહાસની આટલી સિદ્ધિ ક્યાંથી સાંપડત?

મૂર્તિવાદમાં નહિ માનનારા ભાઈઓને અમે પૂછીએ છીએ કે, તમારી સંસ્કૃતિનો ઇતિહાસ શો? એ ક્યાંથી શરુ થયો એનું કંઈ પ્રમાણ છે? અને સંસ્કૃતિના વારસદારોને પ્રેરણા પમાડે એવી પૂર્વકાલીન ગૌરવગાથા શેમાં ભરી પડી છે? એનો ઉત્તર તો પાછો એ ભંડારોના ગ્રંથ રત્નોમાંથી જ શોધવો પડશે ને?

બૌદ્ધ કે રોમન સંસ્કૃતિનો વિનાશ થયો પણ એ સંસ્કૃતિઓ એક સમયે હતી એની જાણુ આપણને ક્યાંથી થઈ આવી? મતલબ કે, કોઈ પણ સંસ્કૃતિનો વિનાશ એના મંદિરો કે શિલ્પ-સ્થાપત્યને કારણે નથી થતો. ઊલટું, મંદિર કે મૂર્તિ નહિ માનનાર વર્ગની સંસ્કૃતિ અલ્પજીવી હોય છે એનો ઇતિહાસ શોધવા જવું પડે એમ નથી.

અંતમાં અમે એટલું જણાવીએ કે, કોઇ પણ રાષ્ટ્ર કે ધર્મ પોતાનાં પ્રતીકોની જે કલ્પના અને આલેખન કરે છે એ બધાં તે તે સંસ્કૃતિનાં સૂચક સ્વરૂપો છે. એ સ્વરૂપોની રક્ષા પાછળ સંસ્કૃતિનું પોષણ અને સંવર્ધન થયા કરે છે અને લોકમાં ધાર્મિકતાનો પ્રવાહ ચાલુ રહે છે. સમભાવ, ત્યાગ અને તપશ્ચર્યાની સાથોસાથ મંદિર, મૂર્તિ કે ગ્રંથો પણ સંસ્કૃતિનાં અંગો જ છે. એને કોઈ પણ ઇતિહાસકાર ઉવેખી ન શકે.

—તંત્રી

[ ૨ ]

## સાંપ્રદાયિકતાના નામે જૈનધર્મ પ્રત્યે આટલી સૂગ?

અમદાવાદમાંથી પ્રગટ થતા 'ગુજરાત સમાચાર' દૈનિકના તા. ૧૪-૯-૪૯ ને બુધવારના અંકના ચોથા પાને છપાયેલ 'સાહિત્ય અને સંસ્કાર' વિભાગના 'આંદોલનો' શીર્ષક લખાણુ પ્રત્યે અમે સર્વ કોઈ સાહિત્યપ્રિય મહાનુભાવોનું અને ખાસ કરીને જૈન સાહિત્ય પ્રત્યે અભિરુચિ ધરાવનાર વિદ્વાનોનું ધ્યાન દોરીએ છીએ. પ્રસ્તુત લખાણુમાં મુંબઈના ભારતીય વિદ્યાભવન હસ્તકની સિંઘી જૈન ગ્રંથમાલાના ૨૫ મા ગ્રંથાંક તરીકે થોડાક મહિના પહેલાં પ્રકાશિત થયેલ અને પ્રાધ્યાપક ડૉ. અમૃતલાલ સવચંદ ગોપાણીએ સંપાદિત કરેલ શ્રી મહેશ્વરસૂરિકૃત પ્રાકૃતભાષાની "જ્ઞાનપંચમીકથા" ને લઈ ને કેટલુંક 'આંદોલન' જગવવામાં આવ્યું છે. આ લખાણુના લેખકે એના ત્રણ વિભાગો પાડયા છેઃ પહેલા વિભાગમાં પ્રાકૃત સાહિત્ય વગેરે સંબંધમાં અનેક વિલક્ષણુ વિધાનો કરવામાં આવ્યાં છે; બીજા વિભાગમાં ગ્રંથનો બહુ જ સંક્ષિપ્ત પરિચય આપતાં ગ્રંથના સંપાદકનાં કેટલાંક મંતવ્યોનો વિરોધ કરીને સંપાદકને 'સાંપ્રદાયિક દૃષ્ટિવાળા'નો ઇલ્કાબ આપવામાં આવ્યો છે; અને સમગ્ર લખાણુની અડધી કરતાં વધુ જગ્યા રોકતા ત્રીજા વિભાગમાં સંપાદકની વિસ્તૃત પ્રસ્તાવનામાંથી ગ્રંથમાંનાં કેટલાંક સુભાષિતો, એના અનુવાદ સાથે, ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે.

પ્રસ્તુત લખાણુના બીજા અને ત્રીજા વિભાગમાં કેટલીક વિવાદાસ્પદ વાતો કહેવામાં આવી હોવા છતાં એનો પહેલો વિભાગ બહુ જ વિલક્ષણુ વિધાનોથી ભરેલો છે એટલે એ વિભાગમાંનું લખાણુ અક્ષરશઃ અહીં ઉદ્ધૃત કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"સંસ્કૃત અને પ્રાકૃતનો ઝઘડો ફરી વાર ઊભો કર્યા વિના કહી શકાય કે લોકોના મોટા ભાગની ભાષા પ્રાકૃત અને અલ્પસંખ્યક લોકોની ભાષા સંસ્કૃત હોવા છતાં સંસ્કૃત સાહિત્યમાં જે ઉચ્ચ કોટિનું કાવ્યત્વ છે, જે મહાન સાંસ્કારિક બળ છે તે પ્રાકૃત સાહિત્યમાં નથી. સંભવિત છે કે કેટલુંક સાચું પ્રાકૃત સાહિત્ય જૈનો તરફથી આજે મળે છે તેનું મૂલ્ય ઘણીવાર તો ભાષાશાસ્ત્રીય વિકાસનાં પગથિયાં તરીકે જ રહે છે. પ્રાકૃત સાહિત્યના વિદ્વાનો પ્રાકૃત પ્રત્યેના તેમના પ્રેમને કારણે પ્રાકૃત સાહિત્યના સાહિત્યતત્ત્વોનો અતિશયોક્તિભર્યો ખ્યાલ આપી દે છે. જૈનોએ આ પ્રાકૃત, અપભ્રંશ ને જૂની ગુજરાતીનું સાહિત્ય સાચવ્યું હોવાથી તે પ્રાચીન ગ્રંથો હવે જૈન સંસ્થાઓ બહાર પાડે તે યોગ્ય જ છે, પરંતુ ઘણીવાર આને લીધે કેટલાક ખોટા ભ્રમ ઉત્પન્ન થાય છે. પહેલો ભ્રમ એ કે આ સાહિત્યમાં ઉચ્ચ સાહિત્યતત્ત્વો છે તેવો ખ્યાલ આપવામાં આવે છે. બીજો ભ્રમ એ કે ઇતિહાસ વગેરેની બાબતોમાં તે ગ્રંથોને જ પ્રમાણભૂત ગણવામાં આવે છે. એક બીજું પરિણામ એ આવે છે કે જૈન શ્રીમંતોના આશ્રયને લીધે જૈનસાહિત્યના કેટલાક ત્રીજી કોટિના સંસ્કૃત પ્રાકૃત ગ્રંથો બહાર પડે છે, ત્યારે જૈનેતર સાહિત્યના પ્રથમ કોટિના ગ્રંથો પણ પ્રસિદ્ધિ પામી શકતા નથી. કોઈ પણ પૂર્વગ્રહ વિના કહી શકાય કે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રના ગ્રંથોમાં પણ મૌલિકતા કેટલી છે તે એક સવાલ છે. સર્જકબળ કે દ્રષ્ટાનું અભિનવ તત્ત્વદર્શન જૈન તેમજ પ્રાકૃત સાહિત્યમાં સંસ્કૃતના મુકાબલે અલ્પ છે. આ વસ્તુનો સ્વીકાર જૈન સાહિત્યના સાંપ્રદાયિક દૃષ્ટિવાળા અભ્યાસીઓ ન કરે તે સ્વાભાવિક છે; પણ તટસ્થ રીતે જોનાર સત્યપ્રિયે તો તેમ કહેવું જ રહ્યું."

આના અનુસંધાનમાં આ લખાણના ગ્રંથનો પરિચય આપતા બીજા વિભાગનું વાક્ય નોંધવા જેવું છે. તે વાક્ય આ પ્રમાણે છેઃ—

"પ્રાકૃત સાહિત્યના સૂકા રણમાં કેટલીક મીઠી વીરડીઓ જરૂર મળી આવે છે."

ઉપરના લખાણમાં એના લેખક મહાશયે જે વિધાનો અને વિચારો રજુ કર્યા છે તેનું બારીકાઈથી વિશ્લેષણ કરવા જઈએ તો એક બહુ લાંબો લેખ લખવો જરૂરી થઈ પડે. પણ એ લખાણની વિલક્ષણતા કેટલેક સ્થળે તો એટલી અસ્પષ્ટ છે કે એનું બારીક વિશ્લેષણ કર્યાં વગર જ, માત્ર ઉપરનું લખાણ જરાક વધારે ધ્યાનપૂર્વક બે-એક વખત વાંચી જઈએ તો પણ, એ જણાઈ આવ્યા વગર નથી રહેતી. એનું વિશ્લેષણ કરવાનું કામ વિદ્વાનોને સોંપીને અહીં તો એમાંના બે-ચાર મહત્ત્વના મુદ્દા તરફ જ અમારા વાચકોનું અને વિદ્વાનોનું ધ્યાન દોરીએ છીએ.

(૧) આ આખું લખાણ વાંચતાં એના લેખકની જૈનધર્મ પ્રત્યે ઠીક ઠીક મહેર નજર (!) હોય એમ તરત જણાઈ આવે છે; અને એવી મહેર નજર(!)નું કારણ એમના દિલમાં ઘર કરી બેઠેલી સાંપ્રદાયિકતા પ્રત્યેની સૂગ હોય એમ લાગે છે. એમની આ સૂગ એટલી ઉગ્ર છે કે સારાસારનો કે લીલા-સૂકાનો વિવેક કરવાનું ભૂલી જઈને તેઓ બધું એકી સાથે ભસ્મસાત્ કરવા પ્રેરાઈ જાય છે.

(૨) જૈનધર્મ પ્રત્યેની લેખકની આ કરડી નજર એમના પ્રાકૃત ભાષા અને સાહિત્ય અંગેના લખાણમાં ઠીક ઠીક ઉગ્ર રૂપ ધારણ કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખની શરૂઆતમાં જ સંસ્કૃત અને પ્રાકૃતના ઝઘડાનો ઉલ્લેખ કરીને, જાણે લેખકે સંસ્કૃતનું પદ ઊંચું રાખવાનું બીડું ઝડપ્યું હોય એ રીતે, સંસ્કૃત સાહિત્યની મહત્તા અને પ્રાકૃત સાહિત્યની અલ્પતાનું ગાન કર્યું છે. પણ જૈનોએ આ બે ભાષાઓમાં કદી હરીફાઈ યોજી નથી; એટલું જ નહીં પણ એ બન્ને ભાષાઓને પોતપોતાની રીતે વિકસવા દેવામાં પોતાનો પૂરેપૂરો સહયોગ આપ્યો છે એ વાત જૈન સાહિત્યના ઈતિહાસના અભ્યાસીના ખ્યાલમાં તરત જ આવી જાય એવી છે.

લેખક એક સ્થળે લખે છે કે, કેટલુંક સાચું પ્રાકૃત સાહિત્ય જૈનો તરફથી આજે મળે છે. આમાં લેખકે "સાચું" વિશેષણ વાપરીને "ખોટા" પ્રાકૃત સાહિત્યનો નિર્દેશ આડકતરી રીતે કર્યો છે તે તેમના અંતરની પ્રાકૃત પ્રત્યેની વૃત્તિ ઉપર સારો એવો પ્રકાશ પાડે છે.

વળી આગળ લેખક લખે છે કે, "પ્રાકૃત સાહિત્યના વિદ્વાનો પ્રાકૃત પ્રત્યેના તેમના પ્રેમને કારણે પ્રાકૃત સાહિત્યમાં સાહિત્યતત્ત્વોનો અતિશયોક્તિભર્યો ખ્યાલ આપી દે છે." આનો અર્થ તો એ થયો કે પ્રાકૃત સાહિત્યના વિદ્વાનોનો અભિપ્રાય ખોટો અને પ્રાકૃતમાં થોડોક ચંચુપાત કરનાર લેખકનો અભિપ્રાય વજૂદવાળો. કેવી અજબ વાત!

પ્રાકૃત સાહિત્યમાં ઉચ્ચ સાહિત્યતત્ત્વો ન જ હોઈ શકે એવો પાકો અભિપ્રાય બાંધીને જ લેખકે પ્રાકૃત ભાષાની મૂલવણી કરવાનું કામ આરંભ્યું છે અને છતાં તેઓ પોતાને પૂર્વગ્રહથી મુક્ત અને તટસ્થરીતે જોનાર સત્યપ્રિય તરીકે ઓળખાવે છે એ ભારે મજાની વાત બની છે. એક માત્ર જૈન સંપ્રદાયને હલકો પાડવાના આવેશમાં લેખકે પોતાની જાતને કેવી ખરાબ રીતે રજૂ કરી છે!

લેખકને પ્રાકૃત સાહિત્યમાં ઉચ્ચ સાહિત્યતત્ત્વ હોવા સામે જેટલો વાંધો છે તેટલો જ વાંધો એમને પ્રાકૃત સાહિત્યને ઈતિહાસના પ્રમાણભૂત ગ્રંથ તરીકે સ્વીકારવા સામે છે. પણ આ તો 'પાડાના વાંકે પખાલીને માર મારવા' જેવી વાત થઈ! વિદ્વાનો પ્રાકૃત ગ્રંથોનું ઐતિહાસિક મહત્ત્વ સ્વીકારે એમાં પ્રાકૃત સાહિત્યનો પોતાનો શો દોષ? અને વળી જૈન શ્રીમંતોની મદદથી જૈન સાહિત્યના કેટલાક "ત્રીજી કોટીના" સંસ્કૃત પ્રાકૃત ગ્રંથો પ્રગટ થાય તે વાત પણ લેખકને અણગમતી થઈ પડી છે. આ વાત પણ કોઈના વાંકે કોઈને સજા કરવા જેવી ગણાય. જૈનેતર સાહિત્યના પ્રથમ કોટીના ગ્રંથો મદદના અભાવે પ્રગટ ન થાય એ પણ જૈનોનો અને જૈન સાહિત્યનો વાંક! પણ જો લેખક મહાશયને એ વાતનો ખ્યાલ હોત કે અનેક જૈન વિદ્વાનોએ જૈનેતર સંસ્કૃત ગ્રંથો ઉપર અપૂર્વ એવી ટીકાઓની રચના કરીને એ મૂળ ગ્રંથોનું ગૌરવ વધારવામાં પોતાનો કીમતી ફાળો આપ્યો છે તો તેઓ આવું દ્વેષીલું લખાણ લખતાં પહેલાં હજારવાર વિચાર કરી જોત પણ એમને તો જૈન સંપ્રદાય પ્રત્યે એવી સૂગ વ્યાપી ગઈ છે કે તેઓ બીજી કશી વાતનો વિચાર જ નથી કરી શક્યા. ઉપરના લખાણમાંનાં "ત્રીજી કોટીના" એ શબ્દના સ્થાને એ અર્થના અંગ્રેજી શબ્દ 'થર્ડ ક્લાસ' ( Third Class ) મૂકીએ તો લેખકના મનમાં કેટલી સૂગ ભરેલી છે તે વધુ સ્પષ્ટ થાય છે.

પણ પ્રાકૃત સાહિત્ય પ્રત્યેનો લેખકનો અણગમો આટલેથી જ ક્યાં અટકે છે? તેમને તો પ્રાકૃત સાહિત્ય "સૂકા રણ" સમું લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાકૃત સાહિત્ય માટે લેખકે આટલું જે કંઈ લખ્યું છે તેના કરતાં પણ એની વધુ આકરી આલોચના કરવામાં આવે તો તેમ જરૂર થઈ શકે, પણ આ રીતે ટીકા કરવામાં કલમને રમતી મૂકનાર લેખકને આપણે એટલું તો જરૂર પૂછી શકીએ કે ભાઈ! આ બધી વાતો જાણે આપે સમગ્ર પ્રાકૃત સાહિત્યનું સંપૂર્ણ પાન કરી જઈને લખી હોય એવી છટાથી લખી છે; પણ આપણો પ્રાકૃત સાહિત્યનો સાચો અભ્યાસ કેટલો એ જણાવવાની–જાહેર કરવાની આપનામાં હિંમત છે? અને નહિ તો તો આજે સરકાર મોટામાં મોટા પ્રધાનોના ખાનગીમાં ખાનગી દફતરની વાત જાણવાનો દાવો કરતા શેરીના સામાન્ય બડાઈખોર માનવી જેટલું જ આપનું મહત્ત્વ ગણાય. મોં–માથા વગરની વાત લખવી હોય તો તો આટલેથી શા માટે અટકવું? કલમ અને કાગળ પોતે ક્યાં ના પાડવાનાં છે?

(૩) આ પછી આવે છે હેમચંદ્રાચાર્ય અને જૈન સાહિત્યનો વારો.

શ્રી હેમચંદ્રાચાર્યના સાહિત્ય માટે લેખક લખે છે કે "કોઈ પણ પૂર્વગ્રહ વિના કહી શકાય કે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રના ગ્રંથોમાં પણ મૌલિકતા કેટલી છે તે એક સવાલ છે." મૌલિકતા કોને કહેવી એના શાસ્ત્રીય વિવાદમાં ન ઊતરતાં આપણે લેખકને એટલું જ પૂછીએ કે આપે હેમચંદ્રનું સમગ્ર સાહિત્ય વાંચ્યા પછી જ આ વિધાન કર્યું છે કે મન-ગમતી કલ્પનાથી? બાકી પોતાની જાતને પૂર્વગ્રહમુક્ત કહેવી એ તો પોતાના હાથની જ વાત છે ને!

સમગ્ર જૈન સાહિત્ય પણ લેખકની કૃપાપ્રસાદી(!)થી બાકાત નથી રહી શક્યું. એ માટે તેમણે લખ્યું છે કે, સર્જકબળ કે દ્રષ્ટાનું અભિનવ તત્ત્વદર્શન જૈન તેમજ પ્રાકૃત સાહિ-ત્યમાં સંસ્કૃતના મુકાબલે અલ્પ છે. પણ લેખકે આ લખતાં પહેલાં એટલું જાણી લીધું હોત કે જૈન સાહિત્ય પ્રાકૃત ભાષામાં જેટલું રચાયું છે તેના કરતાં જરા પણ ઓછું સંસ્કૃત ભાષામાં રચાયું નથી, તેમજ જૈનેતર સંસ્કૃત ગ્રંથોના વિકાસમાં પણ જૈન વિદ્વાનોએ નોંધપાત્ર ફાળો આપ્યો છે, તો તેઓ આવું વિધાન ભાગ્યે જ કરવા પ્રેરાત.

(૪) અને લેખકે એક વાત તો ભારે રમૂજ ઉત્પન્ન થાય એવી લખી છે. તેમણે લખ્યું છે કે, "આ વસ્તુનો સ્વીકાર જૈન સાહિત્યના સાંપ્રદાયિક દૃષ્ટિવાળા અભ્યાસીઓ ન કરે તે સ્વભાવિક છે, પણ તટસ્થરીતે જોનાર સત્યપ્રિયે તો તેમ જ કહેવું રહ્યું." આ તો ફરિયાદી પણ પોતે અને ન્યાયધીશ પણ પોતે જેવી વાત થઈ. જે લેખકની વાત માને તે તટસ્થ અને સત્યપ્રિય; અને તેમની વાત ન માને તે સાંપ્રદાયિક દૃષ્ટિવાળા!! આ વિધાન માટે તો લેખકને શું કહીએ?

જૈનધર્મ પ્રત્યે સાંપ્રદાયિક દૃષ્ટિના નામે આવી કરડી અને અવળી નજર રાખનાર લેખકનું નામ આપણે જાણી શકયા હોત તો 'પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ' એ નીતિ-વાક્ય મુજબ આપણને જરૂર કંઈક ધરપત થાત પણ એ થઈ શક્યું નથી એ દિલ-ગીરીની બીના છે.

અને વધુ દિલગીરીની બીના તો એ છે કે ચર્ચાપત્રના રૂપમાં પણ જે ન શોભી શકે એવું તેમજ અસત્ય વિધાનો અને અતિવિધાનોથી ભરેલું આ લખાણ 'ગુજરાત સમા-ચાર' જેવા પત્રના "સાહિત્ય અને સંસ્કાર" વિભાગમાં (ભલે "આંદોલનો રૂપે" પણ) સ્થાન પામ્યું છે. અમે ગુજરાત સમાચારના તંત્રીશ્રીને વિનવીએ છીએ અમે ઉપર લખેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખાણને બાજુએ રાખીને પણ, સાહિત્ય અને સંસ્કારનાં 'આંદોલનો'નું એ લખાણ જરૂર વાંચી જુએ; અને એ અંગેનો પોતાનો અભિપ્રાય જાહેર કરે.

['જૈન' તા. ૨-૧૦-૪૯ પત્રમાંથી ઉદ્ધૃત]

[ ૩ ]

**પ્રતીકારની પેરવીનાં સુફળ :**

નવી દિલ્હી રેડિયો પર 'શક-વિજય'નાટક પ્રસારિત કરવામાં આવેલું, તેમાં ઐતિહાસિક તથ્યોને તોડી-મરોડી જે સ્વરૂપ આપવામાં આવેલું તેથી જૈન સંઘમાં સર્વત્ર ઘૃણાની ભાવના ફેલાઈ ગઈ હતી. તેનો વિરોધ કરતાં રેડિયો અધિકારીઓનું ધ્યાન આકર્ષિત કરવામાં આવતાં બ્રોડકાસ્ટિંગ વિભાગના મંત્રી શ્રી આર. આર. દિવાકરે તપાસ કરવાનું આશ્વાસન આપ્યું હતું. તે પછી તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ ઉક્ત વિભાગના મદદનીશ સેક્રેટરી શ્રી એચ. પી. કાલેનો પત્ર આવ્યો, જેમાં જણાવવામાં આવ્યું કે, 'શકવિજય' નાટકથી જૈન સમાજની ધાર્મિક ભાવનાઓને આઘાત પહોંચ્યો છે, એ બીના દુર્ભાગ્યપૂર્ણ છે. આથી ભવિષ્યમાં કોઈ પણ નાટક કે અભિનય રેડિયો દ્વારા પ્રસારિત કરવામાં નહિ આવે જેથી કોઈ પણ સંપ્રદાયની ભાવનાઓને આઘાત પહોંચે—એ વિશેનો આદેશ કરવામાં આવ્યો છે. ['જૈન સંદેશ' તા. ૨૯-૯-૪૯ પરથી ]

## અપભ્રંશના કવિઓનું સર્જકબળ અને અભિનવ તત્ત્વદર્શન

અપભ્રંશના કવિઓને વિસ્મરણ કરવા આપણા માટે હાનિકારક વસ્તુ છે. આ જ કવિઓ હિંદી કાવ્યધારાના પ્રથમ સ્રષ્ટા હતા. તેઓ અશ્વઘોષ, ભાસ, કાલિદાસ અને બાણની કેવળ એંઠી પતરાળી નહોતા ચાટતા, પરંતુ તેમણે એક યોગ્ય પુત્રની માફક આપણા કાવ્યક્ષેત્રમાં નવું સર્જન કર્યું છે. નવા ચમત્કારો અને નવા ભાવો પેદા કર્યાં છે; એ સ્વયંભૂ ( જૈન કવિ ) આદિની કવિતાથી સારી રીતે માલમ પડી જશે. નવા નવા છંદોની સૃષ્ટિ કરવી તેમાં તો તેમનું અદ્ભુત કવિત્વ છે. દોહા, સોરઠા, ચોપાઈ, છપ્પય આદિ કેટલાયે સેંકડો નવા નવા છંદોની તેમણે સૃષ્ટિ કરી, જેને હિંદી કવિઓએ બરાબર અપનાવ્યા છે; જો કે બધાને નહિ. એ આપણા વિદ્યાપતિ, કબીર, સૂર, જાયસી અને તુલસીના જ ઉજ્જીવક અને પ્રથમ પ્રેરક રહ્યા છે. તેમને છોડી દેવાથી વચલા કાળમાં આપણને ઘણી હાનિ પહોંચી છે અને આજે પણ એની સંભાવના છે.

આપણા મધ્યકાલીન કવિઓએ અપભ્રંશના કવિઓને ભૂલાવી દીધા છે, તેઓ પ્રેરણા લેવા લાગ્યા કેવળ સંસ્કૃત કવિઓથી. સ્વયંભૂ આદિ કવિઓએ આપણી પાંચ સદીમાં કેવળ ઘાસ નથી કાપ્યું. તેમણે તો કાવ્યનિધિને વધુ સમૃદ્ધ, ભાષાને વધુ પરિપુષ્ટ કરવાનું જે મહાન કાર્ય કર્યું છે, આપણા સાહિત્યને તેમનું જે ઐતિહાસિક દાન છે, તેને ભૂલાવીને—શૃંખલાને છોડીને—સીધો સંસ્કૃતના કવિઓ સાથે સંબંધ સ્થાપિત કરવો એ આપણા સાહિત્ય અને હિંદી ભાષા બંનેને હાનિકર સિદ્ધ થયો છે. અમે સંસ્કૃતના કવિઓ સાથે સંબંધ જોડવાના વિરોધી નથી, પરંતુ અમને આ વચ્ચેની કડી જે આપણી પોતાની કડી છે—તેને લેતાં સંસ્કૃતના પ્રાચીન કવિઓ સાથે જોડવા જોઈશે, ત્યારે જ આપણે ઐતિહાસિક વિકાસથી પૂરેપૂરો લાભ ઉઠાવી શકીશું.

[ શ્રી રાહુલજી-સાંકૃત્યાયન કૃત 'હિંદી કાવ્યધારા'માંથી ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુલાબ અને કાંટા

આજે વાઙ્મયનો ખૂબ વિકાસ થઈ રહ્યો છે; એમાં જૈનોનું પણ સ્થાન છે. આ વાઙ્મયમાં કેટલુંક ભલુંબૂરું પણ આવે છે, જેની જાણકારી સહુ કોઈ માટે જરૂરી છે. એ દૃષ્ટિએ આ વિભાગ ખોલવામાં આવ્યો છે. આશા છે કે, કોઈની પાસે કંઈ પણ માહિતી આવે તો જરૂર મોકલી આપે.

---

મુંબઈથી પ્રસિદ્ધ થતા સુપ્રસિદ્ધ સાપ્તાહિક 'ઈલસ્ટ્રેટેડ વીકલી'ના ૨જી ઑક્ટોબર, ૧૯૪૯ના અંકમાં અજમેરના એક સુંદર સ્થાપત્યનું ચિત્ર આપવામાં આવ્યું છે: એ સ્થાપત્યનું નામ છે 'અઢાઈ દિનકા ઝોંપડા.' એની નીચે નોંધ કરતાં જણાવ્યું છે, કે આના નામ પ્રમાણે એવી કિંવદન્તી છે કે, એ ૬૦ કલાકમાં બાંધવામાં આવ્યું હતું. આ સ્થાપત્ય વિષે ઝીણવટથી નિરીક્ષણ કરતાં એમ લાગે છે, કે મૂળ આ જૈન કૉલેજ (શાળા) હશે, જે લગભગ ૧૧૫૩માં બાંધવામાં આવી હશે. ઈ. સ. ૧૧૯૨ માં અફ્ઘાનોએ એનો નાશ કર્યો ને લગભગ આઠ વર્ષ પછી કુતુબુદ્દીને એની મસ્જિદ બનાવી. અનેક સ્થંભાવલિવાળા ગર્ભગૃહની આગળ સાત ભારે વજનદાર થાંભલા મૂકી આ મસ્જિદ બનાવવામાં આવી છે, જે પણ આજે જીર્ણ હાલતમાં છે. છતાં તેની પ્રાચીન કારીગરી હજી પણ દીસી આવે છે.

*

ગૂજરાતના મશહૂર શિલ્પીઓ–સોમપુરા બ્રાહ્મણો વિષે ને તેમની નષ્ટ થતી પ્રણાલિકા વિષે લખતાં જાણીતા ઈતિહાસજ્ઞ શ્રી. રત્નમણિરાવ તેમના નવા ગ્રંથ 'સોમનાથ'માં લખે છે કે—

"શૈવ અને વૈષ્ણવ મંદિરો બાંધનારા તો આજે છે જ નહિ. જે બંધાવે છે, તે સાદાં નાનાં મંદિરો બંધાવે છે......એટલે શિલ્પ જાણનારને જે થોડું ઉત્તેજન આજે મળી રહ્યું છે, તે માત્ર જૈનોએ જ આપ્યું છે અને સોમપુરાઓની એ કળાને કાંઈક અંશે આજ સુધી જીવતી રાખી હોય તો એનું માન જૈનોને છે. જૈનોએ પ્રાચીન શિલ્પને ઉત્તેજન આપતાં આજે ઘણાં નવાં મંદિરો બાંધ્યાં છે. અને મેવાડમાં રાણકપુર, સાદડી વગેરેના જીર્ણોદ્ધારમાં સોમપુરા શિલ્પીઓને રાખ્યા હતા, એવી હકીકત મળી છે."

•

ઉપરના પુસ્તકમાં સોમનાથ પાટણમાં આવેલા એક જૈન મંદિર વિષે તેઓ નીચે મુજબ ઉલ્લેખ કરે છે—

"સોમનાથ પાટણમાં જુમા મસ્જિદની ઉત્તરે એક જૂનું અને સારું પાર્શ્વનાથનું જૈન મંદિર ઘરોની વચ્ચે આવી ગયું છે અને અંદર પણ ઘર થઈ ગયાં હોય એમ જણાય છે. આ મંદિરમાં ભીંતો ભરીને રહેઠાણ બનાવ્યાં છે, અને તે ખૂબ ગંદાં ને અંધારાં છે, એમ કઝીન્સે કરેલું વર્ણન કહે છે. પરંતુ આજે એની કેવી સ્થિતિ છે તેની ખબર મળી શકી નથી."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારી માહિતી મુજબ આમાં મુસલમાનો રહેતા. તે પછી તેઓ પાકીસ્તાન ચાલ્યા જતાં હિંદુઓએ તેનો કબજો લીધેલો. હાલમાં સરકારે પોતાનાં તાળાં વાસ્યાં છે.

*

ભૂતકાળના પ્રતાપી જૈનાચાર્યોએ પોતાનાં તપ, પોતાની વિદ્વત્તા અને ત્યાગીપણાથી મુસલમાન બાદશાહો પર વર્ચસ્વ મેળવ્યું હતું ને મૂર્તિભંજકો પાસેથી મંદિરો બાંધવાના ને હિંસાના પ્રેમીઓ પાસેથી જીવદયાનાં ફરમાન મેળવ્યાં હતાં. આમાં સમ્રાટ્ અકબરના સમયમાં થયેલા જગદ્ગુરુ શ્રી. હીરવિજયસૂરિજીનું નામ જાણીતું છે. પણ તઘલખ બાદશાહો, જેમાં મહમ્મદ તઘલખ ગાંડો, જેવા બાદશાહો થઈ ગયા–તેઓને સ્વપ્રભાવથી આંજનાર શ્રી. જિનપ્રભસૂરિજી નામના એક પ્રતાપી સૂરિરાજ થઈ ગયા છે. આ બહુ ઓછા જાણીતા સૂરિરાજ વિષે પ્રકાશ પાડવા માટે એક વિદ્વાન સારો પ્રયત્ન કરી રહ્યા છે.

*

"માર્ગ" નામના એક કળાવિષયક અંગ્રેજી માસિકમાં વીજળી દીવાની બત્તીની જાહેરખબરમાં દેલવાડાની કોતરણીની સુંદર પ્લેટ આપવામાં આવી છે.

*

ગુજરાતને એનો પોતાનો ઇતિહાસ મળ્યો, એનું શ્રેય તપ ને સ્વાધ્યાયના પૂજારી જૈન સૂરિરાજોને જ છે, એ બહુ જાણીતી બીના છે. પણ એથી ય આગળ વધીને જૈન આચાર્યોએ શ્રુતજ્ઞાનની ભારે ઉપાસના કરી છે.

તાજેતરમાં ગુજરાત વિદ્યાપીઠ તરફથી પ્રગટ થયેલ 'શ્રીમદ્ ભાગવત' નામક ગ્રંથમાં એના સંપાદક નીચે મુજબ લખે છે:

"તો પછી ભાગવત કયા કાળમાં રચાયું હશે, તે વિષે આપણે કંઈ કલ્પના કરી શકીએ તેમ છીએ કે નહિ? ભાગવત પુરાણનો નામથી જૂનામાં જૂનો ઉલ્લેખ અત્યારે આપણા જાણવામાં હોય તો તે ઈ. સ. ૪૫૪ના અરસામાં થયેલા જૈન આચાર્ય દેવર્દ્ધિંગણિનો છે. તેમણે પોતાના નંદીસૂત્રમાં જૈનેતર શાસ્ત્રગ્રંથોની પ્રાચીન પરંપરા ટાંકી છે. તેમાં 'પુરાણં ભાગવયં' એવો ભાગવત પુરાણનો નામથી ઉલ્લેખ કર્યો છે."

*

વાચકોને એ જાણવું રસિક થશે કે શ્રીમદ્ભાગવતના સમયમાં સર્વધર્મસમન્વયનો એક મહાન પ્રયત્ન થયેલો. એની નિશાની રૂપે બુદ્ધને તથા ભગવાન ઋષભદેવને વિષ્ણુના અવતાર લેખે ભાગવતમાં સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવેલો.

*

ભગવાન મહાવીર પ્રથમ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયા હતા, પણ આ વાતની શક્રેન્દ્રને જાણ થતાં એણે હરિણગમેષી દેવદ્વારા ભગવાનના ગર્ભને ક્ષત્રિયાણી ત્રિશલાના ઉદરમાં પરાવર્ત કર્યો.

આવી જ બીના શ્રીમદ્ભાગવતમાં પણ મળી આવે છે. શ્રી કૃષ્ણના પિતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસુદેવ તથા દેવકીને રાજા કંસે કારાગૃહમાં પૂરેલાં, અને દેવકીના છ પુત્રોને ક્રમે ક્રમે હણી નાખેલા.

સાતમા પુત્ર તરીકે શેષનાગ ગર્ભમાં આવ્યા. ભગવાનને આ વાતની જાણ થતાં તેમણે યોગમાયા દ્વારા એ ગર્ભને ગોકુળ ગામના મુખી નંદને ઘેર રહેતી વસુદેવની બીજી પત્ની રોહિણીની કૂખમાં સ્થાપન કર્યો. આ ગર્ભ તે બલરામ. ને આઠમા પુત્ર તરીકે ભગવાન પોતે કૃષ્ણ તરીકે જન્મ્યા.

આ બીનાઓ કોઈ વૈજ્ઞાનિક સિદ્ધિઓ તો નહિ હોય?

*

મુંબઈ પ્રાંતના કેળવણી ખાતાના સન ૧૯૪૮ના નવા અભ્યાસક્રમમાં પ્રાથમિક ત્રીજા ધોરણના પુસ્તક માટે હિંદુસ્તાનના ઇતિહાસની મહાન વ્યક્તિઓ—જેવી કે ગૌતમબુદ્ધ, કૌટિલ્ય, અશોક, યશોવર્મા, શંકરાચાર્ય, રઝિયાબેગમ વગેરે ૨૦ જીવન ચરિત્રો આપવાનું નિરધારવામાં આવ્યું છે. આમાં શ્રમણ ભગવાન મહાવીરદેવના જીવનનો ક્યાંય ઉલ્લેખ કરવામાં આવ્યો નથી!

હિંદની મહાન વિભૂતિ, અહિંસાના અવતાર, મહાન પુરુષાર્થી ભગવાન મહાવીરદેવના આ બહિષ્કાર માટે આપણે સરકારને, એમના કેળવણીખાતાને વા પાઠ્ય પુસ્તક કમિટીને પૂછી ન શકીએ?

*

તાજેતરમાં જીવનલાલ અ. મહેતા, પીરમશા રોડ, અમદાવાદ તરફથી પ્રગટ થયેલ 'ભારતની મહાન વિભૂતિઓ' નામક પુસ્તકમાં ભ. મહાવીરદેવના જીવનને લેવામાં આવ્યું નથી. પણ ગૌતમબુદ્ધના પાઠમાં ભ. મહાવીરના ચિત્રને બુદ્ધ તરીકે મૂકી દેવામાં આવ્યું છે. આ છે આપણા પાઠ્ય પુસ્તકોના વિદ્વાન રચયિતાઓનું વિવેક-જ્ઞાન!

*

ગૂજરાતના જાણીતા લેખક શ્રી. સ્નેહરશ્મિએ લખેલી 'ગુજરાતના ઇતિહાસની કથાઓ'માં 'વનરાજ ચાવડો' નામક છઠ્ઠા પાઠમાં નીચે મુજબ લખવામાં આવ્યું છે.

"વનરાજને ધીમે ધીમે વનમાં સારી એવી ઓથ મળી ગઈ. શીલગુણસૂરિ નામના એક જૈન મુનિએ તેના બાલ્યકાળથી જ તેને અને તેની માને પોતાના અપાસરામાં આશરો આપ્યો."

અપાસરામાં જ્યાં સાધુ રહેતા હોય, ત્યાં સ્ત્રી રહી શકતી નથી; એવો જૈનોમાં નિયમ છે. છતાં વિદ્વાન લેખકે આ ઉલ્લેખ ક્યાંથી શોધી કાઢ્યો? શું જૈન સાધુઓના આચાર વિષે આ ભ્રમ જગાડનાર નથી?

—જ૦

★

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઇતિહાસના અજવાળે

લેખક : શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી.

ઉપલબ્ધ જૈન સાહિત્યમાં સંખ્યાબંધ કથાનકો, વૃત્તાન્તો, આખ્યાયિકાઓ–દેશ તથા નગરીઓનાં નામો અને ગોત્ર તેમજ કુલ સબંધી વર્ણનનાં વિવિધ આલેખનો દૃષ્ટિગોચર થાય છે. એ પાછળ જો યથાર્થ પ્રયત્ન કરવામાં આવે તો એ અંગેની ઐતિહાસિક શૃંખલા જોડવાનું સાવ અશક્ય નથી. ઇતિહાસ જેમાં હા ભણતો ન હોય એ સર્વ ખોટું અથવા તો કલ્પનામય છે એમ કહેવું કે માનવું એ ઉતાવળિયું પગલું હોઈ, સમજદારીનો અભાવ સૂચવે છે. અલબત્ત, કેટલાક આલેખનોમાં કલ્પનાનું પ્રાબલ્ય કે અતિશયતાનો ઉભરો સંભવે છતાં પ્રત્યેક બનાવને ઇતિહાસના કાટે તોલવામાં કંઈ જ વાધા જેવું નથી. શોધખોળની દિશામાં જે પ્રગતિ સધાઈ છે એ જોતાં અને વિદ્વાનોનાં મંતવ્ય પુરાતત્ત્વના ઊંડા અભ્યાસથી જે વલણો લઈ રહ્યાં છે એનો વિચાર કરતાં જૈન સાહિત્યમાં આવતા પ્રસંગો પાછળ ઇતિહાસની કડીઓ મેળવવાનો પ્રયાસ જરૂરી છે. જૈનેતર ઇતિહાસવેત્તાઓ એ સંબંધમાં જે કંઈ લખી ગયા હોય એ વાંચવાથી આપણને સહજ ખ્યાલ આવશે કે, આપણે દેશ–કાળને અનુરૂપ સાહિત્ય તૈયાર કરવામાં કેટલાં કદમ ભરવાનાં હજુ બાકી છે. કદાચ એમના અભિપ્રાય ભૂલભર્યાં પણ સંભવે. એ સુધારવા આપણે તકેદારી રાખવી જોઈએ અને એ ખાતર પણ શોધ–ખોળમાં ખાસ ઉલટ દાખવી, ઇતિહાસના તાણાવાણા મેળવવા જોઈએ.

આટલી ભૂમિકા પછી પ્રખ્યાત ઇતિહાસકાર વીન્સેન્ટ–એ–સ્મીથ (Vincent–A–Smith) પોતાના (The Early History of India) ધી અર્લી હીસ્ટરી ઓફ ઇન્ડિયામાં જૈનધર્મ અંગે જે છૂટા છવાયા ઉલ્લેખ કરે છે તે તરફ દૃષ્ટિપાત કરીશું. પા. ૯ The sacred books of the Jain sect, which are still very imperfectfy known, also contain numerous historical statements and allusions of considerable value.

ભાવાર્થ : જૈન સંપ્રદાયના પવિત્ર ગ્રંથો કે જે ઘણા ઓછા પ્રમાણમાં જાણવા–જોવામાં આવ્યા છે તે અતિમહત્ત્વની અને સંખ્યાબંધ ઐતિહાસિક માહિતીઓ અને સૂચનાઓ પૂરી પાડે છે.

એ દિશામાં પ્રો. હર્મન જેકોબીએ કેટલાક જાણીતા ગ્રંથોનું સંપાદન કર્યું છે. ડો. ગેરીનોટનો એ દિશાનો પ્રયત્ન પણ જાણીતો છે. પા. ૧૬...and several compositions, mostly by Jain authors, besides that of Bilhana, treat of the history of the Chalukya dynasties of the west.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



' વિક્રમાંકના કાર્યો ' નામની કૃતિ બિલ્હણ કવિની જાણીતી છે, એ ઉપરાંત ઇતિહાસ પર અજવાળું પાડતી રચનાઓ ખાસ કરી જૈનધર્મી કવિઓ દ્વારા તૈયાર થયેલી જોવાય છે. પશ્ચિમ યાને ગુજરાતના ચાલુક્યવંશ પર પ્રકાશ ફેંકતી રચનાઓ તો સુવિદિત છે. સોલંકી યુગના ઐતિહાસિક અંકોડા શોધવામાં લગભગ અતિ ઘણો ભાગ જૈનધર્મના સાધુઓએ રચેલા ગ્રંથો જ ભજવે છે.

પા. ૨૬ : The systems which we call Jainism and Buddhism had their roots in the forgotten philosophies of the prehistoric past; but as we know them, were founded respectively by Vardhamana Mahavir and Gautam-Buddha. Both these philosophers, who were for many years contemporary, were born, lived, and died in or near the Kingdom of Magadha, the modern Bihar. Mahavir, the son of a nobleman of Vaisali, the famous city north of the Ganges, was nearly related to the royal family of Magadha, and died at Pawa, in the modern district of Patna, within the territory of that kingdom.

જૈનધર્મ અને બૌદ્ધધર્મના મૂળિયાં પ્રાગૂઐતિહાસિક છે એમ એ ઉભયના તત્ત્વજ્ઞાનમાં અવગાહન કરતાં જણાય છે. આમ છતાં ઇતિહાસકારો એના સ્થાપક તરીકે શ્રીવર્ધમાન-મહાવીર અને શ્રીગૌતમબુદ્ધને અનુક્રમે લેખે છે. (અત્યારની શોધે શ્રીપાર્શ્વનાથ અને શ્રીઅરિષ્ટનેમિને પણ ઐતિહાસિક યુગમાં સ્વીકાર્યા છે.) આ બન્ને તત્ત્વચિંતકો-ધર્મસ્થાપકો કે જેઓ સમોવડિયા હતા અને તાત્ત્વિક નજરે એકબીજાના હરીફો હતા, તેઓ મગધદેશ નજીકના પ્રદેશમાં જન્મ્યા હતા અને તેમનાં કાળધર્મ પામ્યાના સ્થાનો પણ એ દેશની સમીપસ્થ હતાં. આજનું બિહાર એ તે કાળનું મગધ.

શ્રી મહાવીર ગંગા નદીના ઉત્તર પ્રદેશમાં આવેલ સુવિખ્યાત શહેર વૈશાલીના પ્રતિષ્ઠાસંપન્ન ગીરાસદારના પુત્ર હતા અને મગધના રાજ્યવંશ સાથે સંબંધથી સંકળાયેલા હતા. તેઓશ્રીનું નિર્વાણ ' પાવા 'માં થયું હતું. ' પાવા ' એ સમયે મગધમાં ગણાતું અને હાલ તેનો સમાવેશ પટણા જિલ્લામાં થાય છે.

ઉપરના અનુસંધાનમાં આગળ શ્રી ગૌતમબુદ્ધની વાત આવે છે જે હવે પછી જોઈશું. અહીં વિચારવાનું એ જ છે કે આંગ્લ લેખકે જે શબ્દો વાપર્યા છે એ ટૂંકા છતાં મુદ્દાસરના છે. વૈશાલી અને મગધ વચ્ચે એ કાળે કેવું બીયાબારૂં હતું અને પાછળથી કેવા સંયોગોમાં સ્નેહ જોડાયો, તેમજ ચેટક નરેશની પુત્રીઓ જુદા જુદા રાજકુળોમાં પરણી હતી; એ બધાના અંકોડા મેળવાય તો-જૈન સાહિત્યના એ અંગેના કથા પ્રસંગો સાથે સંકળાય તો એ દ્વારા જે સળંગ દોરી લંબાય એનાથી ભગવંતના સમયમાં વર્તતી પરિસ્થિતિ ચાલતા રીતરિવાજો અને દેશની સ્થિતિ પર સારું અજવાળું પડે. [ ચાલુ ]

★



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી કેસરિયાજી તીર્થસંઘવર્ણન

સં. પૂજ્ય મુનિમહારાજ શ્રીન્યાયવિજયજી (ત્રિપુટી)

[ **નોંધ:**—આ આખોયે લેખ પૂ. પા. આ. શ્રીવિજયધર્મસૂરિજી મહારાજ સંપાદિત ઐતિહાસિક રાસસંગ્રહ ભાગ ૧માં પ્રકાશિત "ભીમ ચોપાઈ" પૃ. ૪૯થી ૬૧ના આધારે તેમજ તેઓશ્રી લિખિત 'ભીમ ચોપાઈ' સારના આધારે તૈયાર કર્યો છે. આ માટે તેઓશ્રીનો આભાર માનું છું. આ પુસ્તક વિ. સં. ૧૯૭૬માં શ્રી યશોવિજય જૈન ગ્રંથમાલા ભાવનગર, તરફથી પ્રકાશિત થયેલું છે. ]

**આપણામાં** હમણાં છેલ્લા કેટલાંક વર્ષોથી શ્રી કેસરિયાજી તીર્થ માટે એક પ્રકારનો વિખવાદ ઊભો થયેલો છે. દિગંબર ભાઈઓ એમ જોરશોરથી પ્રતિપાદિત કરી રહ્યા છે કે શ્રી કેસરિયાજી તીર્થ દિગંબરનું જ છે. એનો વહીવટ, વ્યવસ્થા અમને જ સોંપાય. જ્યારે શ્વેતાંબર તીર્થ છે એ માટે તો સ્ટેટ શ્વેતાંબર સંઘ અને અન્ય જનતા પણ કહી જ રહી છે. શ્વેતાંબર અને દિગંબરના મતભેદમાં ત્યાંના પંડાઓ ઇદં તૃતીયમ્ કરી આ તીર્થ ફક્ત જૈનોનું જ નહિ કિન્તુ સમસ્ત હિન્દુ જાતિનું છે, તેમાં જૈન, જૈનેતરો આવે-પૂજે, તેના ભેદ નથી અને વળી ઋષભદેવજી તો અમારા વૈદિક સાહિત્ય પ્રતિપાદિત ચોવીશ અવતારો પૈકીના એક અવતારરૂપ છે, માટે આ શ્રી કેસરિયાજી તીર્થ અમારું વૈષ્ણવોનું છે અને જેમ વિષ્ણુ ભગવાનને ભોગ ધરાવાય, વેષભૂષા થાય, રાત્રિદર્શન પૂજન થાય વગેરે થવું જોઈએ એમ પોકારી પોકારીને કહે છે. એમાં વળી રાજ્યના ત્યાં રહેલા વૈષ્ણવ અધિકારીઓની સહાયતા લઈ જોહુકમીથી મનમાની કરી પણ જાય છે.

જે દિગંબરો શ્વેતાંબર બન્ધુઓ સામે લડે છે, વિવાદ અને વિખવાદ કરે છે; તેજ દિગંબરો પંડાઓ સામે કશું જ બોલી કે કરી શકતા નથી. ત્યાં તો મૌન જ રહેવું ઉચિત ધારે છે. એટલે બે બિલાડીઓની લડાઈમાં વાંદરાભાઈનું ફાવી જાય તેવું અહીં અંધેર પ્રવર્તી રહ્યું છે. હજીયે હું તો નમ્રભાવે સપ્રેમ કહું છું કે અહીં વિખવાદ કે યુદ્ધને સ્થાન ન હોય પરન્તુ પ્રેમથી-સહકારથી અને સહયોગથી બન્નેએ શ્રી વીતરાગ દેવની પૂજા-મહોત્સવ આદિ ઉજવી આત્મકલ્યાણનો માર્ગ સ્વીકારવો ઉચિત છે.

હું અહીં એક એવો પ્રસંગ રજુ કરું છું કે જે વાંચી તટસ્થ-નિષ્પક્ષ વાચકો સમજી શકશે કે આ તીર્થ શ્વેતાંબર જૈન સંઘનું જ છે અને વિધિ-વિધાન, પૂજન-અર્ચન આદિ શ્વેતાંબર વિધિ પ્રમાણે જ ચાલતું હતું.

વિ. સં. ૧૭૪૨માં ચૈત્ર શુદિ પૂર્ણિમાએ કીર્તિસાગરસૂરિજીના શિષ્યે રચેલી અને ૧૭૪૯માં લખાયેલી "ભીમ ચોપાઈ"ની પ્રતના આધારે હું એ પ્રમાણ અહીં રજુ કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૭૪૯માં લખેલી આ પ્રત સમયે તો સંઘપતિ ભીમના સુપુત્ર **રતનાજી** વિદ્યમાન હતા એટલે આ સમયે તો રજુ કરેલું વર્ણન તદ્દન સત્ય અને અતિશયોક્તિ વિનાનું જ છે.

વાગડ દેશમાં ગિરિપુર-ડુંગરપુરમાં પાંત્રીસો ગામનો ધણી **જસવંતસિંહ** રાજા રાજ્ય કરતો હતો. તેને વીરપુરી નામની પટ્ટરાણી હતી. આ રાજ્યમાં ડુંગરપુર સિવાય નીચેનાં ગામો પણ મુખ્ય હતાં. સાગલપુર-(સાગવાડા), કોટ (ભલીયાકોટ), મોટા ગામ, સાબલો-અને **આસપુર.**

આસપુરમાં પરગટ્ટમલ્લ પોરવાડ વંશના ઉદ્દેકરણ શાહ નામે શેઠ રહેતા હતા. તેમને અંબુ નામે પત્નીથી ચરિત્રનાયક ભીમકુમાર સંઘપતિનો જન્મ થયો હતો. ભીમકુમારને સિંઘ(સંહ)કુમાર નામે ભાઈ હતો. બન્ને ભાઈ બહુ જ ઉદાર-ધર્મપ્રેમી, દીન અને દુઃખીઓની સંભાળ રાખનાર, સાધુમહાત્માઓની સેવા કરનાર, પરોપકારી અને સ્વામીવાત્સલ્ય આદિ ધર્મકૃત્યો કરવામાં સદાયે તત્પર રહેતા હતા.

ભીમકુમારને રંભા ને સુજાણદે નામે બે પત્નીઓ હતી અને સિંધકુમારની પત્નીનું નામ હરખાઈ હતું. ભીમકુમારને ત્રણ પુત્ર હતા. ઋષભદાસ, વલ્લભદાસ અને રતનજી. ભીમકુમાર છત્રીસ રાજકુળોમાં પ્રસિદ્ધ ચહુઆણવંશીય ઠાકોર અમરસિંહના દીવાન હતા.

ભીમકુમાર અને તેનો બંધુપ્રેમ વગેરેનો પરિચય આપણે ચોપાઈકારનાં કાવ્યોમાં જોઈએ.

"એહવો ભીમ અછે વીક્ષ્યાત (વિખ્યાત), સુણજો તેહ તણા અવદાત;
ધનપિતા ધન તેહની માત, જે અજુઆલે પોરૂઆડની નાત.
જે કોઈ ઉત્તમ કરણી કરે, નામ ઘણું તેહનો વિસ્તરે;
છત્રીસરાજ કુલમાંહિ જાણુ, ચહુઆણ અમરસિંઘ ગુણનીષાંણ(ખાણ);
તેહતણા કુલનો પરધાન, દિન દિન દીપે વધતે વાન;
કરે ઉત્તમ ઠાકુરનાં કામ, જીહાં જીહાં જાય તિહાં પામઈ માન;
ભીમસાહ નામેં અતિભલો, બાંધવ સિંહ તેહનો ગુણનીલો;
બે બાંધવની સરષી જોડ, દ્રવ્યતણી તે ષરચે (ખરચે) કોડ.
સંઘ ચલાવી સાંમીવછલ કરે, દુ:ષીઆં (દુ:ખીયાં) દોયલાંને ઉધરે;
યતિ વ્રતીની સારે સેવ, સુષ (સુખ) વિલસે સદા નિતમેવ.
ભીમતણે ઘરે દોય સે(છે) નારિ, રૂપેં રૂડી ગુણભંડાર;
માંહોમાંહિ પ્રેમ અપાર, સગાસણુજા ન લાભું પાર.
બેટાબેટી કલત્ર પરિવાર, સહુકો સુવિલસે સંસાર;
ઠાકુર પ્રધાનનેં પ્રીત અપાર, કુંઅર અજબસિંઘ ગુણભંડાર.
સદૈવ રમેં રંગે એકઠાં, માંડે પાસાં ને સોગઠાં;
રંગ રંમતાં મન ઉલટ ધર્યાં, વચન એક હિવ સાંભર્યાં"

આવો ગુણભંડાર રાજાનો પરમસ્નેહ પાત્ર ઉદાર, ધીર અને વીર ભીમકુમાર એક દિવસે ધૂલેવાજી શ્રી કેસરિયાજીનો સંઘ કાઢવાનો વિચાર કરે છે. બન્ને ભાઈઓ નકી કરી ચૈત્ર શુદિ ૫ ને શુભ દિવસે શુભ મુહૂર્તે સંઘ કાઢે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચમાં એક મુકામ સાંબલી ગામે કરે છે અને પછી ધૂલેવાજી આવી પહોંચે છે. સંઘપ્રયાણનું રસિક વર્ણન કવિએ સુંદર રીતે આપ્યું છે. લંબાણુના ભયથી હું તે બધું અહીં નથી આપતો. ધૂલેવાજીમાં સંઘ પધારે છે અને પછી આગળ આપણે કવિના શબ્દોમાં જ થોડું જોઈ એ—

"હવે સંગે મારગ ચાલતાં, પુંહતા પુર ધૂલેવ;
મનમાં ઉલટ ઉપનો, જવ ભેટચા જિનદેવ.
સંઘ તિહાં આવી ઉતર્યો હો, ડેરા દીધા ચંગ;
કેસર ચંદણ ઘોલત રોલત, પૂજત ઋષભજીણંદ.
મનમોહન ઋષભજી ભેટીઈ હો."

ધૂલેવાજીમાં મૂલનાયક યુગાધિપતિ શ્રી ઋષભદેવજી ભગવાન્ છે. કવિ તે સૂચવે છે અને તે શ્રી ઋષભદેવજી ભગવાન અહીં કેસરિયાજી તરીકે પ્રસિદ્ધ છે તે સૂચવવા પ્રથમ કેસરની પૂજાનું વર્ણન આપ્યું છે. હજી આગળ વાંચો:—

"કેસર ચંદણ ચંપક સબઢી, મૃગમદ કેરી પાસ;
મરઉ મચકુંદ મોગરો હો, ચંપકલી લાલ ગુલાલ.
વિવિધ પ્રકારનાં ફૂલ લેઈને, પૂજ્યો પ્રથમ જીનંદ;
પૂજ્યા પાતક સવિ ટલે હો, વલી હોય તસ ઘર આનંદ.
અહનીસ સુર સેવા કરે હો, અણહુતિ એક કોડ;
ગુણ ગાવે પ્રભુતણા હો, રાયરાણાં હોય કરજોડ.
ભીમસાહ મન ભાવસું હો, પૂજા રચે ઉદાર;
ચાલ્યાં પરવારસું પૂજવા હો, ઉલટ અંગ ન માય.
કરીઅ પષાલ (પખાલ) સોહામણો હો, આંગિ રચી ઉદાર;
દેષંતાં સુરનર મોહે, પુનિ ભરી સુકૃત ભંડાર.
પ્રભુજીને પૂજી ભાવસું હો, આવ્યા મંડપ આપ;
સહગુરૂ પાય પ્રણમી કરી હો, કરી ધજા ચડાવારો થાપ.
સહુ સંઘ મીલી કરી હો, દેઈ પરદક્ષણા સાર;
ધજા ચડાવી દેહરે હો, વરતે તવ જય જયકાર.
ઋષભ જીનેસર પૂજી કરીને, અંગી (આંગી) રચી ઉદાર;
ઉલસ ઉલસ સહુ પરવારસું, પુતાં સુહો પૂજત સહુ પરવાર."

સંઘપતિ ભીમસિંહ ઋષભદેવજી ભગવંતની ઉલટથી–પ્રેમથી પ્રક્ષાલ–પૂજા આદિ કરી સુંદર આંગી કરે છે. તેમજ સંઘ સાથે પ્રદક્ષિણા આદિ દઈ ગુરુમહારાજને પ્રણમી શિખર ઉપર ધજા ચડાવે છે. આ બધું શ્વેતાંબર સંઘની વિધિ પ્રમાણે જ બને છે. કેસર, ચંદન, કસ્તુરી, કપૂર–જાઈ, જૂઈ, માલતી ને મોગરો આદિની પૂજા–અંગરચના–આંગી આ બધું શ્વેતાંબરીય વિધિનું જ પ્રતિપાદન કરે છે અને ધ્વજા આદિ ચઢાવે છે તે પણ દરેક સંઘપતિ તીર્થ યાત્રાના સ્થાને કરે જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાર પછી ભીમ સંઘપતિ નામના શ્રી સંઘને અને યાત્રાએ આવેલા શ્રી સંઘોને નિમંત્રી સ્વામીવાત્સલ્યાદિ કરે છે. શ્રી સંઘને તો જમાડે છે એટલું જ નહિ. પરંતુ તે વખતે ત્યાં આવેલા ભીલો વગેરેને પણ રાજી કરે છે. વાંચો—

"ભીલ ગોલ નૈં ગોવાલ જ હોય, ભૂખ્યા ભીમ ન મેલઈ કોય;"

ત્યાર પછી ચૈત્રી પૂર્ણિમાએ સંઘ ત્યાંથી રવાના થાય છે અને પોતાના સ્થાને આવે છે, સંઘપતિની ભક્તિ–પહેરામણું, દાન વગેરેની કવિએ સુંદર પ્રશંસા કરી છે. ત્યાર પછી કવિએ દાનવીર જગડુશાહ, મહાપ્રતાપી વિમલ મંત્રીશ્વરની પ્રશંસા કરી પોરવાડ કુલદીપક ભીમ સંઘપતિની પ્રશંસા કરી છે. કવિએ દુનિયામાં સાત પ્રકારના પુરુષો દોહલા કહ્યા છે અને એ સાતે ગુણોથી સંપન્ન ભીમકુમાર હતા એમ જણાવ્યું છે.

"સાત પુરૂષ જગ દોહલા મીલઈ, ધન ખરચઉ[1] નિં ધર્મ સંભાલે;[2]
પરનર નૈં કરતો ઉપગાર[3], અવગુણ બોલિ[4] નહિં લગાર.
સીઅલ સદા પાલેઈ[5] મન ધરે, સાતે ખેત્રે ધન વાવરે;[6]
દેવ ગુરુ ઉપર[7] આણે રાગ, તે નર પામે બહુ સોભાગ.
એ સાતે ગુણ ભીમકમાંહી, દીઠો સહુને આવે દાય."

કવિને પોરવાડ જ્ઞાતિ ઉપર ખૂબ જ અનુરાગ અને પ્રેમ છે; એમ આ ચોપાઈ વાંચતાં જણાઈ આવે છે. કવિએ પોરવાડ જ્ઞાતિની સારી સુયોગ્ય શબ્દોમાં ખૂબ જ પ્રશંસા કરી છે. ભીમ કુમારની પ્રસંશા પણ ઘણી જ સારી કરી છેઃ

"ધન તાહરી માત રે, જનમ્યો પુત્ર વિખ્યાતરે;
જે કો રાતો જિનધર્મ ઉપરેં રે.
લક્ષણ બત્રીસે પૂરો રે, નહિં કો વાત અધૂરોરે;
× ÷ ×
આંબૂ કુખૈ અવતર્યો, જૂ માન સરોવર હંસ.
× × ×
ભીમસિંઘ બે બાંધવા, રામ લક્ષ્મણુની જોડ;
કીરતિ કીધી ઉજલી, જાણે સુરજ કોડ."

ભીમકુમાર સંઘપતિ પહેલાં થયેલા અનેક પ્રતાપી પુરુષો જેવા ભરત રાજા, બાહુબલી, કુમારપાલ, સંગ્રામ સોની, ઝાંઝણ, પેથડ આદિને સંભાળી ભીમ સંઘપતિને પણ એવો પ્રતાપી–ગુણસંપન્ન વર્ણવ્યો છે. વચમાં અહિંસા–અમારિ, દાન આદિનું પણ વર્ણન રસિક છે. અંતમાં કવિરાજ કથે છેઃ

"ભીમ પુરંદર મોટો સાહજીરે, આસપુર નગર સુવાસ,
ચતુર જોડાવી રૂડી ચોપાઈ રે, કીધો ઉત્તમ કામ.
સકલ ભટ્ટારક પુરંદર સિરોમણી શ્રીકીર્તિસાગરસૂરંદ;
તત્ શિષ્યે જોડી ચોપાઈ, પુંજપુર નગર મઝાર.
સંવત સતર બયતાલીસમેરે, ચૈત્રી પુન્યમ સુખકાર;
જે નર ભણે ને સાંભલે રે, તસ ઘર જય જયકાર."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્તરસો ઓગંતાલીસમાં ચૈત્રી પૂર્ણિમાએ આ ચોપાઈ શ્રી કીર્તિસાગરસૂરિજીના શિષ્ય પાસે જોડાવી-કરાવી અર્થાત્ મને લાગે છે કે ખુદ ભીમ સંઘપતિની વિદ્યમાનતામાં જ આ ચોપાઈ બની હશે. જે પ્રતિ ઉપરથી આ ચોપાઈ છપાઈ છે તેમાં નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે.

"સુભં ભવતુ, કલ્યાણમસ્તુ, સંવત ૧૭૪૯ વર્ષે આસો માસે સુકલ પક્ષે ૧૪ દિસિ તિથુ શુક્રવારે સકલ પંડિત શિરોમણિ પંડિત શ્રીપશ્રીકપુરસાગરજી તત્શિષ્ય ગણિ મોહનસાગર લિખિતં ગડાનગરે ચતુરમાસ કૃતં સાહ ભીમજી સાહ શ્રીજી સિંઘજીસુત ઋષભદાસ-વલ્લમજી, રતનજીકસ્ય સુષં કુરુ કલ્યાણમસ્તુ.

ભીમજીના ત્રણે પુત્રોનું સૂચન મૂળ ચોપાઈમાં પણ આ પ્રમાણે છે જુઓ:—

"ભીમદિણયર જૂં દીપતો, સિંઘ અતિ ચતુર સુજાણ;
ઋષભ દાસ મન મોહતો, વલમદાસ ગુણ ષાણ.
રંગ રાખ્યો એણે રતનજી, ભીમતણે કુલ ભાંણ"

એટલે કે આ ચોપાઈની આ પ્રતિ ભીમ સંઘપતિના પુત્રોની હાજરીમાં અને ચોપાઈ બન્યા પછી પાંચ વર્ષ બાદ લખાયેલી છે.

અન્તમાં આ ચોપાઈ એક વસ્તુ બહુ જ સુંદર રીતે સમર્થન કરે છે કે, શ્રી કેસરિયાજી તીર્થ શ્વેતાંબર જૈનતીર્થ છે. તેની પૂજા વિધિ, ધ્વજા દંડ ચઢાવવાની વિધિ વગેરે જૈન શ્વેતાંબર વિધિ પ્રમાણે જ આજથી લગભગ પોણાત્રણસો વર્ષ પહેલાં તો થતી જ હતી. એટલે નિર્વિવાદ છે કે આ તીર્થ શ્વેતાંબરી જ છે.

તપાગચ્છીય દાદા જગચ્ચંદ્રસૂરિજી મહારાજે આ તીર્થ સ્થાપ્યાનું પ્રસિદ્ધ છે.

હું તો દિગંબર બન્ધુઓને એ જ કહું છું હવે ચેતી જાઓ, નિરર્થક ઝઘડા-ક્લેશોમાં કાંઈ જ ધર્યું નથી. શાંતિથી પ્રેમથી અમે ત્યાં જાઓ વીતરાગ દેવને પૂજો, કલ્યાણ જ છે. આવા નાહકના ઝઘડાઓથી જ આપણે કમજોર બન્યા છીએ અને બીજાઓને તમાશાનું કારણ આપીએ છીએ, પંડાઓનું જોર આમ જ વધ્યું છે.

૧૯૩૮ સુધી:તો શ્વેતાંબર જૈન સંઘની સમિતિ વહીવટ કરતી જ હતી. બધાયે પ્રેમથી સ્નેહથી હળીમળીને સાથે રહી પૂજા વગેરે કરતા હતા, તેમાં કોણ ના પાડતું હતું? પછી રાજ્યની ડખલ થઈ, રાજ્યે તીર્થ ઉપર સત્તા જમાવી અને આજે પંડાઓનું રાજ ફેલાતું જાય છે માટે સવેળા ચેતી ૧૯૩૮ના સમયની તીર્થ સમિતિ સ્થપાવી તીર્થ સાચવવા બધાયે કટીબદ્ધ થવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હીરસૌભાગ્ય મહાકાવ્યનો પૂર્વભવ

લેખક : પૂજ્ય મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી)

**મુંબઈના** નિર્ણયસાગર પ્રેસ તરફથી કાવ્યમાલામાં અનેક ગ્રંથો પ્રકાશિત થયા છે, તેમાં ૬૭મું કાવ્ય શ્રીદેવવિમલગણિએ બનાવેલ સ્વોપજ્ઞવ્યાખ્યાવાળું "**હીરસૌભાગ્ય મહાકાવ્ય**" છે. આ પં. **દેવવિમલ** ગણિની ગુરુપરંપરા નીચે મુજબ છે :

તપગચ્છની મુનિ પરંપરામાં **શ્રીપતિ** મુનિ થયા, જેને આઠ વિદ્વાન શિષ્યો હતા* તેમને **જગર્ષિ** નામના શિષ્ય હતા, જે શુદ્ધ બ્રહ્મચારી અને મહાતપસ્વી હતા. તેમણે જાવજ્જીવ છટ્ઠને પારણે છટ્ઠ, પારણામાં ઠામચૌવિહાર અને તેમાં પણ વિગઈ કે નિવિયાતાનો તો સર્વથા ત્યાગ જ કર્યો હતો, જેનું માત્રું પણ દરદીઓના રોગોને શાંત કરતું હતું. તેમણે સૌરાષ્ટ્રમાં વિચરી લૂંકામતના પ્રચારને રોકી જનતાને સન્માર્ગમાં સ્થાપિત કરી હતી. વળી ઉ. પાર્શ્વચંદ્રને પણ જોધપુરમાં માલદેવ રાજાની સભામાં શાસ્ત્રાર્થ કરવાને અસમર્થ બનાવ્યા હતા, જે અગિઆર અંગ આગમોના પ્રકાંડ અભ્યાસી હતા અને અનેક મુનિઓ તેમને પોતાના ઉપકારી માની તેમની સેવા કરતા હતા. તેમને **સિંહવિમલ** ગણી નામે શિષ્ય થયા. તેમણે **ગૌતમ** નામના પંડિતને જાહેર સભામાં હરાવ્યો હતો. રાજા **નારાયણ દુર્ગ** અને માંડલિક ભાણુ કાયસ્થ વગેરે તેમને બહુ માનતા હતા. તેમણે સ્થાનસિંહને જૈનધર્મમાં સ્થિર કર્યો. શ્રાવકો પાસે અનેક સમવસરણ બનાવરાવ્યાં અને અનેક જિનબિંબો ભરાવ્યાં. તેમના શિષ્ય **પં. દેવવિમલ** ગણી થયા. તેમણે હીરસૌભાગ્ય કાવ્ય અને તેની ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ બનાવ્યાં, જેનું સંશોધન મહોપાધ્યાય શ્રીકલ્યાણવિજય ગણીના શિષ્ય ઉપાધ્યાય ધનવિજય ગણીએ કર્યું છે.

પં. શ્રીદેવવિમલ ગણીએ હીરસૌભાગ્ય કાવ્યની ગુંથણી એવી રીતે કરી છે કે તેમાં કાવ્યના દરેક અંગો બરાબર વિકસ્યાં છે. નૈષધીય કાવ્ય અને હીર સૌભાગ્ય કાવ્યને સરખાવીએ તો "નૈષધીય પહેલાનું આ કાવ્ય હશે" એમ એકવાર તો ભ્રમણા ઊભી થાય, એવી આમાં શબ્દશૈલી છે અને ભાઈ બેન એક સાથે બેસી ઉલ્લાસથી વાંચી શકે એવું આમાં જગતગુરુનું કથા–નિરૂપણ છે. આથી જ હીરસૌભાગ્ય કાવ્ય મહાકાવ્ય તરીકે લેખાય છે.

પં. દેવવિમલ ગણીએ હીરસૌભાગ્યમાં નીચે પ્રમાણે પ્રસંગોનું નિરૂપણ કરેલું છે.

---

* ઉ. શ્રી વિવેકહર્ષ ગણી અને પં. પરમાનંદ, જેઓ અકબરની સભામાં સન્માન પામ્યા હતા, તેઓ મુનીશ્વર શ્રીપતિના શિષ્ય હર્ષાનંદ મુનિના શિષ્યો હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧લો સર્ગ–મંગલાચરણ, ભરતક્ષેત્ર, ગૂજરાત–પાલનપુર, છઋતુઓ, નર–નારી અને મહમ્મદશાહ બાદશાહનું વર્ણન—શ્લોક ૧૩૮

૨જો સર્ગ–શેઠ શેઠાણી અને સ્વપ્નવર્ણન—શ્લોક ૧૪૨

૩જો સર્ગ–હીરકુમાર જન્મવર્ણન—શ્લોક ૧૩૫

૪થો સર્ગ–ભગવાન મહાવીર સ્વામીથી ૨૦૦૦ વર્ષ સુધીની ઐતિહાસિક મુનિ પરંપરા—શ્લોક ૧૪૯

૫મો સર્ગ–ગુરુ ઉપદેશ, ભાઈ–બેનનો સંવાદ, દીક્ષાઉત્સવ અને હીરકુમારની દીક્ષા—શ્લોક ૨૧૮

૬ઠો સર્ગ–હીરહર્ષ મુનિનો શાસ્ત્રાભ્યાસ, દક્ષિણનાં ઐતિહાસિક સ્થાનો, ગુરુની સેવામાં હીરહર્ષ મુનિને વાચક પદ તથા આચાર્ય પદપ્રદાન અને આચાર્ય વિજયસેનસૂરિની દીક્ષા—શ્લોક ૧૯૫

૭મો સર્ગ–વર્ષાવર્ણન, ધ્યાનવિધિ, શરદ્વર્ણન, સૂર્યાસ્ત, સંધ્યા, અંધકાર, તારા, ચંદ્ર અને ચંદ્રિકાવર્ણન—શ્લોક ૯૬

૮મો સર્ગ–દેવીનું પગથી માથા સુધીનું વર્ણન—શ્લોક ૧૭૧

૯મો સર્ગ–દેવીવાર્તાલાપ, પ્રાતઃકાલવર્ણન, મેઘજીઋષિદીક્ષા, વિજયસેનસૂરિવર્ણન અને ગંધારનગરવર્ણન—શ્લોક ૧૫૬

૧૦મો સર્ગ–દિલ્લી, ફત્તેપુર સીકરી અને અકબર બાદશાહનું વર્ણન—શ્લોક ૧૩૧

૧૧મો સર્ગ–શાહિ ફુરમાન, હીરવિજયસૂરિનો વિહાર, સાહિબખાનની નમ્રતા —શ્લોક ૧૫૮

૧૨મો સર્ગ–પાટણ, સિરોત્રા, અર્જુન ભીલ–ભીલડીઓ અને આબુનું વર્ણન–શ્લોક ૧૩૦

૧૩મો સર્ગ–સિરોહી નગરવર્ણન, વિહાર, ફત્તેપુર સીકરી પ્રવેશ વર્ણન, આચાર્ય હીરસૂરિ અને અકબર બાદશાહ સંવાદ—શ્લોક ૨૨૭

૧૪મો સર્ગ–ધર્મતત્ત્વનિરૂપણ, અકબર ગ્રંથ ભંડારની સ્થાપના, યાત્રાવર્ણન, અકબરશાહે હિંસાનો ત્યાગ કર્યો અને આ હીરસૂરિને "જગદ્ગુરુ"ની પદવી આપી, પછી વાર્તાલાપ વર્ણન, આચાર્યશ્રીનું ગુજરાતમાં આગમન, ૭ મહિનાનું અમારિ ફુરમાન, જજિયાવેરા બંધ કર્યો, જગદ્ગુરુને શત્રુંજય તીર્થ આપ્યું, ગુરુકીર્તિ વર્ણન—શ્લોક ૩૦૬

૧૫મો સર્ગ–શત્રુંજય ગિરિવર્ણન—શ્લોક ૮૨

૧૬મો સર્ગ–પાલીતાણા, લલિતસરોવર શત્રુંજયગિરિ, મુખ્ય મંદિર અને પ્રભુ પ્રતિમાનું વર્ણન, પ્રભુ સ્તુતિ—શ્લોક ૧૪૨

૧૭મો સર્ગ—દીવ, અજારા અને ઉનાનું વર્ણન, જગદ્ગુરુ આ૦ વિજયહીરસૂરિની તપસ્યા, પરિવાર અને સંલેખણાનું વર્ણન, જગદ્ગુરુનું સ્વર્ગગમન, તત્કાલીન ચમત્કારો, સ્તૂપરચના, આચાર્યશ્રીની પટ્ટપરંપરા અને ગ્રંથસમાપ્તિ વગેરે–શ્લોક ૨૧૪.

આ રીતે હીરસૌભાગ્યમાં અનેક વસ્તુઓનું વર્ણન છે. દરેક સર્ગમાં જુદા જુદા છંદો છે અને દરેક વર્ણનોમાં વિવિધતાનું દર્શન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક સમય એવો હતો કે સારામાં સારો વિદ્વાન પણ પૂર્વગ્રહને લીધે જૈન ગ્રંથ કે બૌદ્ધ ગ્રંથને હાથમાં લેતાં અચકાતો હતો. આજે એ પૂર્વગ્રહનો કોમીવાદનો કે પરધર્મ તેજોદ્વેષનો યુગ ઓસરવા લાગ્યો છે, તેથી વિદ્વાનો જૈન સાહિત્ય બૌદ્ધ સાહિત્ય કે વૈદિક સાહિત્યને આર્યાવર્તનું સાહિત્યધન માની તેના વિકાસ માટે પ્રયત્નશીલ બન્યા છે. આ સમયે જૈન વિદ્વાનોએ જૈન સાહિત્યનો સૌ કોઈ લાભ લઈ શકે એવા સ્વરૂપમાં જનતાની સામે ધરી દેવું જોઈએ અને એમ થાય તો જૈન સાહિત્યના આવાં તેજસ્વી અનેક અણમૂલ રત્નો પોતાના કિરણોથી આર્યાવર્તની આધ્યાત્મિક મહત્તામાં નવું ચેતન પૂરશે.

પં. દેવવિમલ ગણીએ હીરસૌભાગ્ય બનાવી હિંદના સાહિત્ય જગત પર મોટો ઉપકાર કર્યો છે, તેમનું એ હીરસૌભાગ્ય મહાકાવ્ય આજે આપણી પાસે ઉપર કરેલ વર્ણન પ્રમાણે વિદ્યમાન છે.

હવે આપણે મૂળ વાત પર આવીએ! આપણે પ્રસ્તુત લેખનું મથાળું બાંધ્યું છે—'હીરસૌભાગ્ય મહાકાવ્યનો પૂર્વભવ.'

આ મથાળું જોતાં સૌ કોઈ પ્રશ્ન કરશે કે, મનુષ્યનો પૂર્વભવ હોય? પશુ, પક્ષી, દેવ, નારકી વગેરેનો પૂર્વભવ હોય એ તો સમજાય તેવી વાત છે પરંતુ કોઈ ગ્રંથનો પૂર્વભવ હોય ખરો?

આવા પ્રશ્નનો ઉત્તર નકારમાં જ અપાય, પરંતુ કેટલીક વાર એવું પણ બને છે કે, અમુક ગ્રંથ એક જ ગ્રંથકર્તાના હાથે નવાં નવાં રૂપાંતરો પામી આખરે એક ચોક્કસ રૂપે આપણી સામે રજુ થાય છે.

એ ચોક્કસ રૂપે રજુ થએલ ગ્રંથને આપણે અમુક નામે ઓળખીએ છીએ અને એ બરાબર છે પરંતુ તેનાં જૂનાં જૂનાં પૂર્વ રૂપોને આપણે પૂર્વભવ તરીકે ઓળખીએ તો તેમાં કંઈ અતિશયોક્તિ નથી; એ પણ વ્યવહારસંગત વસ્તુ છે. હીરસૌભાગ્ય મહાકાવ્યનું પણ એમ જ બન્યું છે.

આપણે ઉપર જોઈ ગયા તે તો પં. દેવવિમલ ગણીએ હીરસૌભાગ્ય કાવ્યનો તૈયાર કરેલ અંતિમ શબ્દદેહ છે. જે શરૂઆતના કાવ્ય શબ્દદેહથી ઘણો જ પલટો ખાઈ આપણી સામે રજુ થયો છે. આ સ્થિતિમાં તે કાવ્યનો શરૂઆતનો શબ્દ દેહ મળે તો તેને આપણે શું કહી સંબોધીએ?

પ્રાચીન ભંડારોના ઉપલબ્ધ પ્રમાણોથી જાણવાનું મળે છે કે, પં. દેવવિમલ ગણીએ પ્રથમ "હીરસુંદર કાવ્ય" બનાવ્યું હતું અને પછી તેમાં ખૂબ જ પરાવર્તન કરી "હીરસૌભાગ્ય" નું દેહઘડતર કર્યું છે. વાંચક સમજી ગયા હશે કે, આ હીરસુંદર કાવ્ય તે હીરસૌભાગ્ય મહાકાવ્યનો પૂર્વદેહ યાને પૂર્વભવ છે. તે બન્નેની એકતા અને પૂર્વાપરતા નીચે પ્રમાણે મળે છે.

ઈડરમાં શ્રીશ્વેતામ્બર જૈન સંઘનો શ્રીઆત્મકમલલબ્ધિસૂરીશ્વર શાસ્ત્ર સંગ્રહ છે; તેમાં ટિપ્પણી યુક્ત હીરસુંદર કાવ્યનો પ્રથમ સર્ગ છે, જેનો હસ્તલિખિત પ્રત નં. ૯૮૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તે ૬ પાનામાં લખાએલ છે. ૧૨૧ શ્લોક પ્રમાણ છે. તેના પ્રારંભના અને અંતિમ શ્લોકો નીચે પ્રમાણે છે :

## હીરસુંદર કાવ્ય (ટિપ્પણી યુક્ત) સર્ગ ૧લો.
## પ્રારંભ શ્લોકો (પૃષ્ઠ ૧)

श्रेयांसि पुष्णातु स पार्श्व देवो, विश्वत्रयी कल्पितकल्पशाखी ॥
पिण्डीभवद्यस्य विभासते स्म, यशःप्रतापद्वयमिन्दुभानू ॥ १ ॥
उदीतपीयूषमयुखलेखे वाजीव्हद्यात्कविहकूचकोरान् ॥
तमस्तीरस्कारकरीं सुरीं तां नमस्कृतेर्गोचरयामि वाचम् ॥ २ ॥
यद्दृष्टिपातादपि मन्दमौलिर्विशेषविशेखरतामवाप्य ॥
गुरुं सुराणामधरीकरोति; मयि प्रसन्ना गुरवो भवन्तु ॥ ३ ॥

## સર્ગ ૧ લો અંતિમ શ્લોકો (પૃષ્ઠ ૬)

माद्यन्त्यदो दानपयः प्रवाहं जंबालतोयांतमहीमतंगाः ।
दिग्जैत्रयात्रासु जितैर्दिगीशैः, दिग्वारणेन्द्रा उपदीकृताः किम् ॥ १२० ॥
आपूर्वापरवारिराशीपुलिनालंकारहारोपमं,
क्षोणीभृन्निकुरंबचुंबितपदद्वंद्वारविन्दश्रियम् ।
यां स्वर्णाचलसार्वभौम इव यो निश्शेषविश्वंभरां,
शासनशात्रवगोत्रजिज्जयते श्रीगुर्जरोर्वीपतिः ॥ १२१ ॥

इति सकलमहीवलयकमलालंकारहारश्रीसिंहविमल-पादारविन्दद्वन्द्वभृंगायमानदेवविमलविरचिते—हीरसुन्दर नाम्नि काव्ये प्रथमप्रारंभे देशनगरादि वर्णनो नाम प्रथम सर्गः ॥१॥

## મુદ્રિત હીરસૌભાગ્ય કાવ્ય (સ્વોપજ્ઞટીકાવાળું)
## સર્ગ ૧ લો પ્રારંભ શ્લોકો (પૃષ્ઠ ૧)

श्रियं स पार्श्वाधिपतिः प्रदिश्यात् सुधाशनाधीशवतंसितांह्रिः ।
जगन्निदिध्यासुरिव त्रिमूर्तिर्यत्कीर्तिरासीत् त्रिदशस्रवन्ती ॥ १ ॥
प्रीणाति या प्राज्ञदशश्चकोरीर्विभावरीवल्लभमण्डलीव ॥
तमस्तिरस्कारकरीं सुरीं तां भक्तेर्नतेर्गोचरयामि वाचम् ॥ २ ॥
यच्चक्षुषो मातृमुखोऽप्यशेषविशेषविच्छेखरतानुषङ्गी ।
गुरुं सुराणामधरीकरोति भवन्तु ते श्रीगुरवः प्रसन्नाः ॥ ३ ॥
हीरसौभाग्यकाव्यसर्ग १ श्लो० १-२-३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સર્ગ પહેલો અંતિમ શ્લોકો ( પૃષ્ઠ ૪૨, ૪૩ )

आबालयद्भिर्जलदं रिवोर्वीं मदाम्बुभिर्यस्य बभौ द्विपेन्द्रैः ॥
दिग्जैत्रयात्रासु जितैर्दिगीशैर्दिग्वारणेन्द्रैरुपदीकृतैः किम् ॥ १३४ ॥

( પૃષ્ઠ ૪૨ )

सुत्रामाम्बुधिधामदिग्गिरिकुचद्वन्द्वाब्धिनेमीधवः, ।
पृथ्वीपाललालटचुम्बितपदप्रोद्दामकामाङ्कुशः ॥

द्यां स्वर्णाचलसार्वभौम इव यो निःशेषविश्वंभरां,
शासच्छात्रवगोत्रजिद्विजयते श्रीगुर्जरोर्वीपतिः ॥ १३७ ॥


इति पण्डितश्रीसिंहविमलगणिशिष्यपण्डितदेवविमलगणिविरचिते स्वोपज्ञहीरसौभाग्यकाव्यवृत्तौ प्रथमप्रारम्भे जम्बूद्वीप-भरतक्षेत्र-सतीर्थसरिद्गिरिकेदार-गोधन-बन्धुरगुर्जरदेशप्रह्लादनपार्श्वनाथोपवनपरिखाप्राकारगृहहट्टयुवकयुवतीयुक्तप्रह्लादनपुर-महमुन्दपातिसाहिवर्णनो नाम प्रथमः सर्गः ॥

આ બન્ને કાવ્યોની તુલના કરવાથી નક્કી થાય છે કે, પં. દેવવિમલ ગણીએ પ્રથમ હીરસુંદર કાવ્યની રચના કરી હતી. જો કે તેનો એક જ સર્ગ મળે છે, બીજા ભંડારોમાં કદાચ બીજા સર્ગો પણ સુરક્ષિત હશે કિન્તુ તે ગ્રંથ સમ્પૂર્ણ બન્યો હોય એમ લાગતું નથી. અમુક સમય પછી પં. દેવવિમલ ગણીએ તેને જ કાયાપલટ કરી હીરસૌભાગ્ય કાવ્યની રચના કરી છે અને તેની ઉપર મોટી ટીકા બનાવી તેને મહાકાવ્યની પંક્તિમાં સ્થાપિત કર્યું છે. એ જ્ઞાનીઓના જ્ઞાનની બલિહારી છે. ટૂંકમાં કહી શકાય કે, હીરસૌભાગ્ય મહાકાવ્યનો પૂર્વભવ તે હીરસુંદર કાવ્ય છે.

બસ! વિદ્વાનો તેનું પઠન-પાઠન કરી વિદ્યાસૌરભને ફેલાવે એ જ ઇચ્છા પૂર્વક વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુનંદા અને સુમિત્ર

**" मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः "**

આપણે ઘણીવાર વાંચીએ છીએ કે, માનવી શરીરથી કામ કંઈક કરતો હોય છે જ્યારે તેનો માનસિક સંકલ્પ વિકલ્પ કંઈક જુદું જ વિચારતા હોય છે. ઘણીવાર નવકારવાળીના મણકા આંગળીને વેઢે ફરતા હોય છે અને મન ક્યાંક જુદે સ્થાને ફરતું હોય છે. આ માનસિક સંકલ્પ વિકલ્પનો સર્વથા ત્યાગ થવો—સંકલ્પ વિનાનું મન રહેવું એ તો અમુક ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા મહાત્માઓને સાધ્ય થાય છે કિન્તુ મન સર્વથા પ્રવૃત્તિરહિત થાય એ સંભવિત જ નથી. હા, જે કુવિકલ્પ–અસદ્‌વિચારો ચાલતા હોય છે તેને બદલે શુદ્ધ સંકલ્પો—સદ્‌વિચારો— શુભ વિચારો ચાલે–મન સત્પ્રવૃત્તિમાં રહે એટલું જ બસ છે. 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' એનો ખરો મર્મ એ છે કે મન, આપણે જે શુભ પ્રવૃત્તિ સદાચરણ કરતા હોઈએ તેમાં જ પ્રવૃત્તિશીલ રહી; ચાલતી શુભ પ્રવૃત્તિમાં જ એકાગ્ર થાય—તલ્લીન થાય અને શુભ ધ્યાનની ઉચ્ચ ભૂમિકાએ પહોંચી આત્મસ્વરૂપનું ચિંતવન કરતું થાય, એ જ મનની સાધના છે. એ જ મનનો જય છે અને તેથી મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એમ કહેવાય છે.

યાદ રાખજો કે ખાવુંપીવું, હરવુંફરવું અને મોઝમજા માણવી એ તો આ મનને સહજ સાધ્ય છે. જ્યાંત્યાં દોડવું, જ્યાંત્યાં મર્કટપ્રવૃત્તિ કરી આનંદ લુંટવાનું એને ગમે છે. નથી ગમતું ભગવદ્‌ભજન–ઈશ્વરભક્તિ–શુભધ્યાન–જ્ઞાન–તપ–ત્યાગ–વૈરાગ્ય પથમાં એને વાળી તેમાં તદાકાર–તન્મય થવું. એ જ મનને માટે દુઃસાધ્ય છે. પરન્તુ આજ દુર્ધર–દુર્જય મન જ્ઞાન–વૈરાગ્ય–તપ અને સત્સંગથી વશીભૂત થાય છે. આ પ્રકારે જીતાયેલું મન ચિંતામણિસમાન લાભપ્રદ–હિતકારી અને પરમ સુખ પ્રાપ્તિનો હેતુ બની જાય છે.

**" स्वर्गापवर्गौ नरकं तथान्तर्मुहूर्तमात्रेण वशावशं यत् ।**
**ददाति जन्तोः सततं प्रयत्नाद् वशं तदन्तःकुरुष्व सम्यक् " ॥**

વશ થયેલું મન ક્ષણવારમાં સ્વર્ગ અને મોક્ષનાં સુખ આપે છે અને નહિ વશ કરાયેલું મન ક્ષણવારમાં નરકનાં દુઃખો આપે છે. માટે પ્રયત્ન કરી મનને વશમાં કરો.

મનોનિગ્રહ એ તો ધર્મના શુભ વિચારોના અને સદ્‌વર્તનના પાયામાં જરૂરી છે, અને એટલા માટે કહેવાયું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**योगस्य हेतुर्मनसः समाधिः परं निदानं तपसश्च योगः ।
तपश्च मूलं शिवशर्मवल्ल्या मनःसमाधिं भज तत्कथञ्चित्" ॥**

મનની સમાધિ યોગનું કારણ છે. યોગ એ તપનું ઉત્કૃષ્ટ સાધન છે, અને તપ શિવ સુખવેલડીનું મૂળ છે. તેટલા માટે કાઈપણ રીતે મનની સમાધિ રાખ.

આપણે આ વાર્તા ચાલુ કરીએ એમાં ખાસ મનના અશુભ સંકલ્પ વિકલ્પથી કેવાં માઠાં ફળ મળે છે, માનસિક અશુભ વિચારોના પરિબળથી અને એ અશુભ વિચારોમાં જ મૃત્યુ પામતાં એ જીવનની કેવી વિચિત્ર દશા થાય છે તે અને મોહથી આંધળા બની સારાસારાનો વિચાર કર્યા વિના પ્રવૃત્તિ કરનાર જીવાત્મા કેવાં ભયંકર કટુફળ ભોગવે છે–સંસાર પરિભ્રમણ કરે છે તે સમજવા જેવું છે.

તેમજ તેથી ઊલટું પશ્ચાત્તાપપૂર્વક અશુભ વિચારોથી પાછાં હઠી હૃદયની—ચિત્તની શુદ્ધિ કરવાથી જ્ઞાન–ધ્યાન–સંયમ અને તપમાં એ વિશુદ્ધ મનને જોડવાથી જીવની કેવી વિશુદ્ધિ થાય છે, કેવી ઉચ્ચ દશા પ્રાપ્ત થાય છે; એનાં મોહાંધકારનાં પડલ હઠી જતાં જ્ઞાનસૂર્યના પ્રકાશથી પ્રભાવિત બની કેવી રીતે આત્મકલ્યાણ સાધે છે એ આ વાર્તામાં સમજવા જેવું છે. ચાલો ત્યારે હવે મૂળ વાત શરૂ કરીએ.

## [ ૨ ]

આ દુનિયામાં પૃથ્વીભૂષણ નગર છે. ત્યાં કનકધ્વજ રાજા રાજ્ય કરે છે અને તેને ધર્માત્મા શીલગુણથી શોભતી અને સુશીલ યશોમતી નામે રાણી છે. તે રાજાને ગુણચંદ્ર અને કીર્તિચંદ્ર નામે બે પુત્રો છે અને સુનંદા નામે કન્યા છે. તે રૂપ–ગુણ–યૌવન અને સ્ત્રીઓની ચોસઠે કલાથી શોભતી છે. એકવાર પોતાની સખીઓ સાથે સાત માળના રાજમહેલની અગાશીમાં બેઠી છે અને આખા નગરનું નિરીક્ષણ ચાલી રહ્યું છે. વિવિધ વાર્તાલાપ ચાલી રહ્યો છે. ત્યાં રાજકુમારીની નજર એક ગૃહસ્થના ઘરમાં પડી. અદ્ભુત દૃશ્ય નિહાળી એનાં રોમાંચ ખડાં થયાં; સાથેની બધી સખીઓ પણ એ અદ્ભુત પ્રસંગ એકાગ્રચિત્તે જોઈ રહી હતી. ત્યાંનું દૃશ્ય જોઈ બધાનાં કાળજાં કંપી રહ્યાં હતાં; ત્યાં તો જોરથી રુદન અને ચિત્કારના કરુણ હૃદયભેદક શબ્દ સંભળાયા.

એક રૂપસંપન્ન નવયૌવના પતિદેવના ચરણે પડી કરગરતી હતી અને કહેતી હતીઃ નાથ ! મેં અપરાધ નથી કર્યો. મારી વાત તો સાંભળો. અરે ! હું ક્ષમા માગું છું. આમ કહી હાથ જોડતી, કરગરતી, ક્ષમા માગતી એ નવયૌવનાનાં વચનોને અવગણતો યુવાન હાથથી, પગથી અને છેવટે સોટી–ચાબુકથી મારવા લાગ્યો. યુવતી સતીસાધ્વી પતિદેવને વિનવતી, રડતી, કરગરતી જતી હતી તેમતેમ પેલો પુરુષ ક્રોધના આવેશમાં પાગલ બની ભાન ભૂલી તાડનાની ક્રિયા ચાલુ રાખી રહ્યો હતો.

સુનંદા અને એનું સખીવૃંદ આ દુઃખદ–કરુણ છતાંયે અપૂર્વ અદષ્ટપૂર્વ દૃશ્ય એકાગ્ર મને નિહાળી રહ્યું હતું. સુનંદાને આ દૃશ્ય જોઈ પારાવાર દુઃખ અને ગ્લાનિ થઈ આવી. અરેરે ! બિચારી નિરપરાધી સ્ત્રી પુરુષને આધીન હોવાથી આવાં દુઃખો સહેવાં પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પુરુષને એની પરમપ્રિય પત્ની ઉપર પણ પ્રેમ નથી. વિશ્વાસ નથી. અરે દયાયે નથી આવતી કે હજી પણ કસાઈની જેમ એ પતિવ્રતા સાધ્વી સ્ત્રીને મારી રહ્યો છે. સ્ત્રીના રુદન અને ચીત્કારથી પણ જે વજ્રહૃદયી પુરુષનું હૃદય પીગળતું નથી તે મનુષ્ય છે કે......છે ?

દુનિયામાં કહેવત છે પુરુષ ઘરનો રાજા છે પરંતુ ગૃહિણી વિના ઘર જ ન હોય એ કેમ ભૂલી જવાય છે ?

ખરી રીતે તો સુશીલ સુલક્ષણા સ્ત્રી તો ઘરનું ભૂષણ છે. એવી સ્ત્રી તો ઘરની લક્ષ્મી જેવી છે.

ઓહો ! જુઓ તો ખરા, સ્ત્રી એક ઉદર પૂરવાને ખાતર જ ગૃહસ્થના ઘરનું કેટલું બધું કામ કરે છે ! પાણી ભરે, કચરો કાઢે, કપડાં ધૂએ, રસોઈ કરે, આખા ઘરને જમાડીને પછી જમે. વળી વાસણ માંજે, પરોણાગત સાચવે, આખા કુટુંબની સાથે પ્રેમ રાખી વ્યવહાર જાળવે. એમાં વધુ તો નણંદ, જેઠાણી, સાસુ, સસરા, જેઠ, દિયર બધાંનાં માન, સત્કાર, મર્યાદા જાળવીને જ ચાલે.

માતાના ઘેર હસતી રમતી ખેલતી કુદતી; કોયલની જેમ ટહુકતી એ જ કન્યા સાસરે હસવાનું, રમવાનું, કૂદવાનું, ઊંચે બોલવાનું બધુંયે બંધ કરે છે.

સ્ત્રી જાતિની પરાધીનતાની હદ થઈ ગઈ. એ અન્નપૂર્ણા, એ માતૃહૃદયા, એ ભગિની અને એ પ્રિયતમા ખરી પણ સદાયે પરાધીન.

છતાંયે પુરુષ જાતિને એની કદર નથી. ક્યાંય કદીક સંભળાય છે કે અમુક પુરુષે સ્ત્રીનો ત્યાગ કર્યો છે. કિન્તુ કદી કોઈએ સાંભળ્યું કે કોઈ કુલવધૂએ પુરુષને છોડ્યો ? નહિ જ એવું કદી નથી બનતું. કુલવધૂ બધાં દુઃખો સહી લે છે. અરે ! છેવટે મૃત્યુને ભેટવાનું પસંદ કરે છે પરન્તુ કુલવધૂ નારી કદી પણ સ્વપતિને નહિ જ તજે. આ છે આર્ય નારીના સંસ્કાર.

પરન્તુ નિષ્ઠુર પુરુષ જાતિ ગમે તે કરે, ગમે તેમ વર્તે, તેને બધી છૂટ અને છતાંયે સ્ત્રીનો થોડો પણ અપરાધ એ સહન ન કરે એ તો બહુ જ આશ્ચર્યની વાત છે.

આવી રીતે ઘણા વિચાર વમળમાં ગોથાં ખાતી રાજકન્યાએ સખીઓને કહ્યું: પુરુષોને અધીન સ્ત્રીના જીવતરને ધિક્કાર છે. હું આજથી પ્રતિજ્ઞા કરું છું કે આ જન્મ કદી પણ લગ્ન નહિ જ કરું. આ વિટંબણા, આ વેદના, આ પરાધીનતા અને દુઃખ સહેવાં તેના કરતાં કુંવારા રહેવું જ સારું છે.

સખી ! મારાં માતાપિતાને કહી દેજે કે મારા માટે વિવાહની ચિંતા ન કરે, એમને કહી દેજે મારે પરણવું જ નથી.

સખી : બા, બેન ! હજી તમે બાળક છો. નવજુવાન થાવ ત્યારે કહેજો, શું કરવું છે તે.

મારી બ્હેની ? જુવાની દીવાની છે. હજી જુવાની ખીલવા તો દો પછી જોઈ લઈશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુનંદા : સખી ! ભલે તારી મરજી, હું તો કહું છું તે જ ખરું. જમડાને જ મારે પરણીને પરાધીનતાની બેડીથી નથી જ બંધાવું. છતાંયે તું મારા માતા પિતાને એટલું તો કહી જ દેજે, મારે માટે લગ્નની ઉતાવળ ન કરે. હું મારી ઇચ્છા થશે ત્યારે કહાવીશ. હું ઇચ્છા વર વરીશ. બાકી હમણાં કાંઈ જ લગ્નની ઉતાવળ ન જ કરે.

સખી : બહુ સારું બેન હમણાં જ રાજમાતાને આ સમાચાર પહોંચાડું છું.

[ ૩ ]

આજે રાજકુમારી સુનંદા પોતાની સખીઓ સાથે અગાશીમાં આનંદથી રમી રહી છે. શરદ પૂર્ણિમાનો ચંદ્ર સોળે કળાએ આકાશ પટમાં દીપી રહ્યો છે. આખું નગર આજે હિલોળે ચડયું છે. નલીનીદલના કમલ પત્રો ખીલ્યાં છે. સુંદર તાજગી ભરી ઠંડી હવા ચાલી રહી છે. ત્યાં સુનંદાએ એક મીઠો મધુરો અવાજ સાંભળ્યો. એક યુગલ પાસેની અગાશીમાં જ સુંદર પ્રેમગીતો આલાપી રહ્યું હતું. યુવતી મીઠા કંઠથી ગાઈ રહી હતી. પાસેનો યુવાન મધુરી બંસીમાં તેના સૂર પૂરી રહ્યો હતો. ગાયન પૂરું થતું જાય અને યુવતી ના, ના, બસ, બસ, કહેતી જાય. હવે નહિ ગાઉં, હવે નહિ ગાઉં. પણ પેલો યુવાન તેને પ્રેમથી હસાવી, મનાવી, પરાણે બેસાડીને ગવડાવતો હતો. અને બંસી વગાડતો હતો.

સુનંદાએ આ ગીત, હાસ્યક્રીડા જોઈ અને એનું ધ્યાન એ યુગલ તરફ ગયું. આખરે સંગીત બંધ થયું અને યુગલે પ્રેમચેષ્ટા–પ્રેમરમત આરંભી. આખરે એ પ્રેમ-રમત રમતાં જ યુગલ સૂઈ ગયું. સુનંદા આ દૃશ્ય જોઈ સ્તબ્ધ થઈ ગઈ. ઓહો ! સંસારમાં આવું સુખ છે? એણે સખીઓને એ બતાવ્યું. બધાં હસવા લાગ્યાં.

સખી: બેન ! જોયું સંસારીઓનું દૃશ્ય ! કહો તમને શું લાગ્યું ?

સુનંદા: સખી ! સંસારમાં સુખ પણ છે, એ આજે જાણ્યું. આવો મનપસંદ પતિ, આવી રસિક પત્ની એ તો સંસારમાં સ્વર્ગનું ભાન કરાવે છે;

સખી: માટે જ અમે તમને તે દિવસે કહેતાં હતાં બેન ! ઉતાવળાં ન થશો. દરેક વસ્તુને બે બાજુ હોય છે; આપણે અલ્પજ્ઞ ગમે તે એક જ બાજુ જોઈને નાહકનો એક નિશ્ચય કરી બેસીએ છીએ.

સુનંદા: સખી ! તારી વાત આજ તદ્દન સાચી લાગી છે. હવે તો મને પણ એમ થાય છે કે મનપ્રસંદ પતિ સાથે મારું લગ્ન થાય અને હું પરણું.

સખી: બેન ! તમારી ભાવના ફળશે.

[ ૪ ]

એકવાર મનોહર વસંત ઋતુ આવી છે. વનરાજિ વિકસિત થઈ છે. ઋતુરાજ વસંતને વધાવવા નગરજનો, રાજકુટુમ્બ વગેરે વિવિધ વસ્ત્રો, પુષ્પ ગુચ્છ અને રંગરાગથી અલંકૃત થઈ નગર ઉદ્યાનમાં ફરવા નીકળ્યાં છે. ઉદ્યાનમાં વસંત ઋતુ જાણે પૂર્ણરૂપે ખીલી હોય તેવું દૃશ્ય આંખ સામે નાચી રહ્યું છે. રંગબેરંગી પુષ્પો, લતાઓ અને વૃક્ષરાજિ; જાણે નવ વસ્ત્રોથી અલંકૃત હોય તેમ નવી પત્રરાજિથી શોભતાં હતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજકુમારી પોતાની સખીઓ સાથે રમવા ફરવા આવી હતી. અનેક નવ યુવતીઓ, નવ યુવકો હસતા રમતા અને ફરતા જોવાય છે અને રાજકુમારીનું મન વિહ્વલ બનતું જાય છે. એને એમ થાય છે કે, શું મારા ભાગ્યમાં પતિસુખ નથી લખાયું ? આમ વિચારતી નિસાસા નાંખતી રાજકુમારી સંધ્યા સમયે ઘેર આવી. રાજમહેલના ઝરુખામાં ઊભી રહીને ઉદ્યાનમાંથી આનંદ માણી ચાલ્યા આવતા પ્રજાજનોને જોવા લાગી.

ત્યાં તો રાજમહેલની સામેની જ દુકાને 'જાણે શરદપૂર્ણિમાનો ચંદ્ર ઊગતો હોય એવા તેજસ્વી, રુડા-રૂપાળા નવયુવાનને તેણે જોયો. ઓહો ! શું અદ્દભુત રૂપલાવણ્ય ! શું એની બાંકી ચાલ ! દુકાનદારે પણ આવેલા નવયુવકને ખૂબ જ પ્રેમ અને આદરથી બેસાડયો. દુકાનદારે સુગંધી લિજ્જતદાર પાન બનાવી નવયુવકને આપ્યું. મુખમાં પાન મૂકતાં મૂકતાં નવયુવકની નજર રાજમહેલના ઝરુખા ઉપર પડી. રાજકુમારી અને નવયુવકની દૃષ્ટિ મળી. બસ, ચાર નેત્ર કમળો મળ્યાં અને જાણે શું શું રમત રમી ગયાં. જાણે કેટલાયે વર્ષોની જૂની ઓળખાણ હોય તેમ મૌનપણે અનેક વાતો કરી લીધી. રાજકુમારી તો નવયુવકના મુખ ચંદ્રનું અમી એકીટશે નેત્રકમલોથી પી રહી હતી. ત્યાં તો સખીએ આવીને તેને સાવધ કરી અને પૂછયું: બેન ! કદી નહિ અને આજે આવી એકાગ્રતાથી કોને જુઓ છો ?

ત્યાં તો નિ:સાસા નાંખતી રાજકુમારીએ સામે ઇશારો કર્યો. સખીએ નવયુવકને જોયો. તેનું રૂપ અને નવજુવાની જોવી ગમે તેવી હતી. સાથે જ તેનું હસતું મુખડું અને વાત કરવાની છટા પણ આકર્ષક હતી.

રાજકુમારી: સખી ! આ ભાગ્યશાળી નવયુવક કોણ છે ? તેને તું ઓળખે છે.

સખી: બેન ! એને કેમ ન ઓળખું ? આપણા જ શહેરના પ્રતિષ્ઠિત નાગરિક શેઠ..............ના પુત્ર છે અને તેમાં પણ સૌથી નાના રૂપસેનકુમાર છે. આ રૂપસેનકુમારને બીજા ત્રણ ભાઈઓ છે. પરંતુ રૂપ, કાન્તિ, શિક્ષણ અને સંસ્કારમાં તો બધાથી આ રૂપસેનકુમાર ચઢિયાતા છે.

રાજકુમારી: સખી ! તારી વાત લાગે છે તો સાચી. એની ખાનદાની એના સંસ્કાર અને એનું શિક્ષણ પણ અદ્દભુત જ લાગે છે. હું ક્યારની એને જોઈ રહી છું પરન્તુ મારી સામે જોઈ હસીને તેણે નીચી આંખો કરી લીધી છે એ ઓછા ગાંભીર્યની વાત નથી. જાણે ન મળે લગારે વિકાર કે ન મળે અવિવેક. બસ, શાંતિથી વાતચીત કરે છે, જાણે કાંઈ છે જ નહિ.

ત્યાં તો રૂપસેનકુમાર ઊઠયો અને ઘર તરફ પ્રયાણ શરૂ કર્યું.

રાજકુમારી: સખી ! એ તો જાય છે. જા, એમને કહી આવ, રોજ અહીં આવજો. તમારી રોજ કોઈક રાહ જોશે.

સખી: બેન એમ ઉતાવળ ન કરીએ. તમારે લાયક છે કે કેમ ? એની પરીક્ષા તો કરો. એક અધું પદ્ય બનાવી આપો એની પાદપૂર્તિ કેવી કરે છે, તે જુઓ અને પછી પછી આપણે તેને આમંત્રણ આપીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજકુમારી : બેન ! તારી વાત સાચી છે. તે આ પદ્ય લઈ જા. આનું ઉત્તરાર્ધ એમની પાસે પૂરું કરાવી લાવજે.

સખી એક શ્લોકનું ઉત્તરાર્ધ લઈ રૂપસેનકુમાર પાસે પહોંચી અને પ્રેમથી કહ્યું: શ્રેષ્ઠીપુત્ર ! શ્લોક તો વાંચો.

રૂપસેનકુમારે પૂર્વાર્ધ વાંચી, ઉત્તરાર્ધ લખી પાદપૂર્તિ કરી નાખી

સખીઃ શ્રેષ્ઠીપુત્ર ! ઊભા રહો. હું હમણાં જ આવું છું.

રાજકુમારી તાડપત્ર ઉપર લખેલા મોતીના દાણા જેવા મનોહર અક્ષરો જોઈ ચમકી અને પાદપૂર્તિ વાંચીને તો ખુશ ખુશ થઈ ગઈ બોલી : સખી ! જા, જલ્દી જા, શ્રેષ્ઠીપુત્રને કહે રોજ સંધ્યા સમયે અહીં આવે. કોઈક રોજ તમારી રાહ જોશે. ભૂલશો નહિ, જરૂર આવજો.

સખીએ ઉતાવળા પગલે જઈને શ્રેષ્ઠીપુત્ર રૂપસેનકુમારને કહ્યુંઃ હે મહાનુભાવ ! અહીં રોજ આવજો, એમ રાજકુમારી સુનંદા આપને કહેવડાવે છે.

રૂપસેનઃ શું રાજકુમારી કહેવડાવે છે ? એ તો આશ્ચર્ય છે. પણ એ તો પુરુષ દ્વેષિણી છે એમ સાંભળ્યું હતું એનું શું ?

સખીઃ તમારી વાત સાચી છે. પુરુષ દ્વેષિણી હતી એ ખરું, પરંતુ હમણાં થોડા સમયથી એ દ્વેષ ઓસરી ગયો છે અને તેમાંયે તમારા દર્શનથી તો પુરુષ જાતિ ઉપર દ્વેષને બદલે રાગ જાગ્યો છે. તમને પ્રેમથી ચાહે છે. માટે નિરંતર અહીં આવવાનું ચૂકશો નહિ.

રૂપસેનઃ ઠીક છે. બનશે ત્યાં સુધી જરૂર આવીશ પણ હું સ્વપ્નામાં તો નથી ને ? રાજકુમારી મને પ્રેમથી ચાહે એ તો ખરખર મારો ભાગ્યોદય જ કહેવાય. ઠીક છે ! જોઈએ, થાય તે ખરું.

એમ કહીને જાય છે. સખીએ આવીને રાજકુમારીને આશ્વાસન આપ્યું.

રોજ સંધ્યા સમય થાય છે અને રાજકુમારી ઝરુખામાં બેસે છે. શ્રેષ્ઠીપુત્ર રૂપસેન રોજ આવે છે. પરસ્પર દૃષ્ટિ મેળાપના અમીજળના સિંચનથી પ્રેમ વૃક્ષ ફૂલવા ફૂલવા અને વધવા લાગ્યું. બન્ને જણાં પ્રેમ સાંકળથી દૃઢ બંધાતાં ગયાં. દિવસો જવા માંડ્યા ત્યાં કાર્તિકી પૂર્ણિમાનો કૌમુદી મહોત્સવ આવ્યો. રાજાએ નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી. દરેક પ્રજાજનોએ નગર બહાર ઉદ્યાનમાં આવવું અને કૌમુદીમહોત્સવ ઉજવવો. આબાલ વૃદ્ધ દરેકે ઉદ્યાનમાં જવું. ઘેર કોઈ ન રહે.

રાજકુમારીએ સખીદ્વારા શ્રેષ્ઠી પુત્ર રૂપસેનને કહેવડાવ્યુંઃ કૌમુદી પૂર્ણિમાએ ઘેર રહેજો અને રાત્રિનો પ્રથમ પહોર જતાં રાજમહેલમાં પધારજો. આપણે પ્રેમગોષ્ઠી, સ્નેહાલાપ અને પરિચય સાધીશું. હું પણ રાજમહેલમાં જ રહીશ. ઉદ્યાનમાં નહિ જાઉં, બગીચાની બારીએ દોરડું બંધાવી રાખીશ. તમે આવીને તેને હલાવજો. અમે તમને ઉપર ખેંચી લઈશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રેષ્ઠીપુત્ર આ સાંભળી પ્રસન્ન થયો. અનેક કાવ્યો, પદ્યો, પાદપૂર્તિઓ તૈયાર કરી લીધી. રાજકુમારીએ પણ પૂર્ણ તૈયારી કરી અને બરાબર પ્રાતઃકાળમાં જ રાજમાતાને કહેવડાવ્યું, મારું માથું દુઃખે છે માટે અત્યારે નહિ અવાય. ઠીક હશે તો બપોરે આવીશ. રાજમાતા આ સાંભળી સુનંદા પાસે આવી અને જોયું ત્યારે માથે લેપ કર્યો હતો. ઓઢીને અર્ધ નિમિલિત આંખો રાખીને તે સૂતી હતી.

રાજમાતાઃ બેટા કેમ છે, તને? માથું દુઃખે છે?

સુનંદાઃ માતાજી ? આપ ચિંતા ન કરશો. માથું દુઃખે છે પણ ચિંતાનું કારણ નથી. બહારની શરદી ન લાગે, માટે નહિ આવું. છતાંયે ઠીક હશે તો બપોરે જોઈશ. બસ, આ સાંભળી રાજમાતા વગેરે અંતઃપુર ઉદ્યાનમાં ગયું. અહીં શ્રેષ્ઠીપુત્ર રૂપસેને પણ પિતાજીને કહ્યું કે દુકાનનું જરૂરી કામ છે માટે હું આજે ઉદ્યાનમાં નહિ આવું. બન્ને જણાં પોતપોતાના ઘેર રહ્યાં છે.

N [ ચાલુ ]

# પ્રશ્નોત્તર–કિરણાવલી

## પ્રયોજક :—પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી

[ ક્રમાંક અંક ૧૧–પૃષ્ઠ ૨૧૧થી ચાલુ ]

**૧૫ પ્રશ્ન**—છઠ્ઠા કુંથુનાથ ચક્રવર્તીના જીવનના મુખ્ય મુખ્ય મુદ્દાઓ કયા કયા ?

**ઉત્તર**—૧ નામ—કુંથુનાથ ભગવાન. ૨—જન્મભૂમિ હસ્તિનાપુરનગર. ૩—પિતાનું નામ–સૂરસેન રાજા. ૩—માતાનું નામ–શ્રીદેવી રાણી. ૫—તેમનું પંચાણું હજાર વર્ષનું આયુષ્ય હતું. ૬—શરીરનું પ્રમાણ, પાંત્રીસ ધનુષ્ય. ૭—કુંથુનાથ ચક્રવર્તી તેવીસ હજાર સાતસો પચાસ વર્ષ સુધી કુંવર પણે રહ્યા. ૮—અને તેવીસ હજાર સાતસો ને પચાસ વર્ષ મંડલિક રાજાપણે રહ્યા. ૯—પ્રભુને છખંડની સાધનામાં છસો વર્ષ ગયાં. ૧૦—તેવીસ હજારને દોઢસો વર્ષ સુધી ચક્રવર્તીપણું ભોગવ્યું. ૧૧—સ્ત્રી રત્નનું નામ–કૃષ્ણશ્રીરાણી. ૧૨—કુંથુનાથ ચક્રવર્તીએ એકોતેર હજાર બસો પચાસ વર્ષની ઉંમર વીત્યાબાદ સંસારને અનિત્ય જાણીને મુક્તિના અવ્યાબાધ સુખને આપનારી દીક્ષા અંગીકાર કરી અને તેની તેવીસ હજાર સાતસો ને પચાસ વર્ષ સુધી નિર્મલ આરાધના કરી. ૧૩—અંતિમ સમયે બાકી રહેલાં વેદનીય વગેરે ચાર અઘાતી કર્મોનો નાશ કરીને મોક્ષે ગયા. ૧૪—પોતે તીર્થંકર પણ હતા. (૧૫)

**૧૬ પ્રશ્ન**—સાતમા અરનાથ ચક્રવર્તીના જીવનના મુખ્ય મુખ્ય મુદ્દાઓ કયા કયા ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—૧ નામ અરનાથ ચક્રવર્તી. ૨—જન્મભૂમિ હસ્તિનાપુર નગર. ૩—પિતાનું નામ સુદર્શન રાજા. ૪—માતાનું નામ–દેવી રાણી. ૫—તેમનું ચોરાશી હજાર વર્ષનું આયુષ્ય હતું. ૬—શરીરનું પ્રમાણ ત્રીસ ધનુષ્ય. ૭—એકવીસ હજાર વર્ષ સુધી કુંવરપણે રહ્યા ૮—એકવીસ હજાર વર્ષ સુધી મંડલિક રાજાપણે રહ્યા. ૯—છખંડની સાધનામાં પાંચસો વર્ષ ગયાં. ૧૦—વીસ હજાર ને પાંચસો વર્ષ સુધી ચક્રવર્તીપણું ભોગવ્યું. ૧૧—સ્ત્રી રત્નનું નામ—સુરશ્રી રાણી ૧૨—એકવીસ હજાર વર્ષ સુધી દીક્ષાની નિર્મળ સાધના કરી. ૧૩—અંતિમ સમયે મોક્ષ ગયા. ૧૪—પોતે તીર્થંકર પણ હતા. (૧૬)

**૧૭ પ્રશ્ન**—આઠમા સુભૂમ ચક્રવર્તીના જીવનના મુખ્ય મુખ્ય મુદ્દાઓ કયા કયા?

**ઉત્તર**—૧ નામ આઠમા સુભૂમ ચક્રવર્તી. ૨—જન્મભૂમિ-વાણારસી નગરી. ૩—પિતાનું નામ કીર્તિવીર્ય રાજા. ૪—માતાનું નામ તારા રાણી ૫—તેમનું સાઠ હજાર વર્ષનું આયુષ્ય હતું. ૬—શરીરનું પ્રમાણ અઠ્યાવીશ ધનુષ્ય. ૭—પાંચ હજાર વર્ષ સુધી કુંવરપણે રહ્યા. ૮—પાંચ હજાર વર્ષ સુધી મંડલિક રાજાપણે રહ્યા. ૯—છ ખંડની સાધનામાં ચારસો વર્ષ ગયાં. ૧૦—ઓગણપચાસ હજારને છસો વર્ષ સુધી ચક્રવર્તીપણું ભોગવ્યું. ૧૧—સ્ત્રી રત્નનું નામ દશમશ્રી રાણી. ૧૨—તેમણે દીક્ષા લીધી નથી. ૧૩—અંતિમ સમયે મરણ પામીને સાતમી તમસ્તમા નારકીમાં ઉત્પન્ન થયા. ૧૪—સુભૂમ ચક્રવર્તી અઢારમા તીર્થંકર શ્રીઅરનાથના તીર્થમાં થયા. (૧૭)

**૧૮ પ્રશ્ન**—નવમા મહાપદ્મ ચક્રવર્તીના જીવનના મુખ્ય મુખ્ય મુદ્દાઓ કયા કયા?

**ઉત્તર**—૧ નામ મહાપદ્મ ચક્રવર્તી. ૨—જન્મભૂમિ-હસ્તિનાપુર નગર. ૩—પિતાનું નામ પદ્મરથ રાજા. ૪—માતાનું નામ જ્વાલા રાણી. ૫—તેમનું ત્રીસ હજાર વર્ષનું આયુષ્ય હતું. ૬—શરીરનું પ્રમાણ વીસ ધનુષ્ય. ૭—પાંચ હજાર વર્ષ સુધી કુંવરપણે રહ્યા. ૮—પાંચ હજાર વર્ષ સુધી મંડલિક રાજાપણે રહ્યા. ૯—છ ખંડની સાધનામાં ત્રણસો વર્ષ ગયાં. ૧૦—અઢાર હજાર ને સાતસો વર્ષ સુધી ચક્રવર્તીપણું ભોગવ્યું. ૧૧—સ્ત્રી રત્નનું નામ—વસુંધરા રાણી. ૧૨—એક હજાર વર્ષ સુધી દીક્ષાની આરાધના કરી ૧૩—અંતિમ સમયે કર્મરહિત થઈને મોક્ષે ગયા. ૧૪ મહાન ચક્રવર્તી મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં થયા. (૧૮)

**૧૯ પ્રશ્ન**—દસમા હરિષેણ ચક્રવર્તીના જીવનના મુખ્ય મુખ્ય મુદ્દાઓ કયા કયા?

**ઉત્તર**—૧ નામ હરિષેણ ચક્રવર્તી. ૨—જન્મભૂમિ કંપિલપુર નગર. ૩—પિતાનું નામ મહાહરિ રાજા. ૪—માતાનું નામ મેરાદેવી રાણી. ૫—તેમનું દશ હજાર વર્ષનું આયુષ્ય હતું. ૬—શરીરનું પ્રમાણ પંદર ધનુષ્ય. ૭—ત્રણસો પચીસ વર્ષ સુધી કુંવરપણે રહ્યા. ૮—ત્રણસોને પચીસ વર્ષ સુધી મંડલિક રાજાપણે રહ્યા. ૯—છ ખંડની સાધનામાં દોઢસો વર્ષ ગયાં. ૧૦—એક હજાર આઠસો સીત્તેર વર્ષ સુધી ચક્રવર્તીપણું ભોગવ્યું. ૧૧—સ્ત્રી રત્નનું નામ દેવીરાણી. ૧૨—સાત હજાર ત્રણસો ત્રીસ વર્ષ સુધી દીક્ષાની નિર્મળ આરાધના કરી. ૧૩—અંતિમ સમયે મોક્ષ ગયા. ૧૪—હરિષેણ ચક્રવર્તી એકવીસમા તીર્થંકર શ્રીનમિનાથના તીર્થમાં થયા. (૧૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૦ પ્રશ્ન—અગિયારમા જય નામના ચક્રવર્તીના જીવનના મુખ્ય મુખ્ય મુદ્દાઓ કયા કયા?

ઉત્તર—૧ નામ જય ચક્રવર્તી. ૨—જન્મ ભૂમિ–રાજગૃહીનગર. ૩—પિતાનું નામ સમુદ્રવિજય રાજા. ૪—માતાનું નામ વિપ્રા રાણી, ૫—તેમનું ત્રણ હજાર વર્ષનું આયુષ્ય હતું. ૬—શરીરનું પ્રમાણ બાર ધનુષ્ય ૭—ત્રણસો વર્ષ કુંવરપણે રહ્યા. ૮—ત્રણસો વર્ષ મંડલિક રાજાપણે રહ્યા. ૯—છ ખંડની સાધનામાં એક સો વર્ષ ગયાં. ૧૦—એક હજારને નવસો વર્ષ સુધી ચક્રવર્તીપણું ભોગવ્યું. ૧૧—સ્ત્રી રત્નનું નામ લક્ષ્મણા રાણી. ૧૨—સંસારને અનિત્ય જાણીને દીક્ષા અંગીકાર કરી ચારસો વર્ષ સુધી તેની નિર્મળ સાધના કરી. ૧૩—અંતિમ સમયે કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. ૧૪—જય ચક્રવર્તી એકવીસમા તીર્થંકર શ્રીનમિનાથના અને નેમિનાથના આંતરામાં થયા. (૨૦)

૨૧ પ્રશ્ન—બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તીના જીવનના મુખ્ય મુખ્ય મુદ્દાઓ કયા કયા?

ઉત્તર—૧ નામ બ્રહ્મદત્ત ચક્રવર્તી. ૨—જન્મભૂમિ કંપિલપુર નગર. ૩—પિતાનું નામ બ્રહ્મ રાજા. ૪—માતાનું નામ ચુલણી રાણી. ૫—તેમનું સાતસો વર્ષનું આયુષ્ય હતું. ૬—શરીરનું પ્રમાણ સાત ધનુષ્યનું હતું. ૭—અઠ્ઠાવીસ વર્ષ સુધી કુંવરપણે રહ્યા. ૮—છપ્પન વર્ષ સુધી મંડલિક રાજાપણે રહ્યા. ૯—છખંડની સાધનામાં સોલ વર્ષ ગયાં. ૧૦—છસો વર્ષ સુધી ચક્રવર્તીપણું ભોગવ્યું. ૧૧—સ્ત્રી રત્નનું નામ કુરુમતી રાણી. ૧૨—તેમણે દીક્ષા લીધી નથી. ૧૩—અંતિમ સમયે મરણ પામીને સાતમી તમસ્તમા પ્રભા નારકીમાં નારકપણે ઉત્પન્ન થયા. ૧૪—બ્રહ્મદત્ત ચક્રવર્તી નેમિનાથ પ્રભુ અને પાર્શ્વનાથના આંતરામાં થયા. અવસર્પિણી કાળનો એવો સ્વભાવ છે કે, જેમાં આયુષ્ય વગેરે ઘટતાં જાય. આ નિયમ પ્રમાણે બારે ચક્રવર્તીઓની બાબતમાં પણ ક્રમશઃ આયુષ્ય વગેરે ઘટે એમ સમજવું. (૨૧)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથ સ્વીકાર

૧. **सप्ततिकाप्रकरण ( षष्ठ कर्मग्रन्थ )** મૂળ પ્રાકૃત સહિત હિંદીમાં: સંપાદક અને અનુવાદક: પં. ફૂલચંદ્રજી સિદ્ધાંતશાસ્ત્રી. પ્રકાશક: શ્રી આત્માનન્દ જૈન પુસ્તક પ્રચારક મંડળ, રોશન મુહલ્લા, આગરા. સને ૧૯૪૮. મૂલ્ય રૂા. ૪–૦–૦

૨. **सप्तभंगी–नयप्रदीपप्रकरणम्**—મૂળ સંસ્કૃતમાં—કર્તા: મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય ગણિ. તેના ઉપર બાલબોધિની વિવૃતિકર્તા: શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી. પ્રકાશક: જૈન ગ્રંથ પ્રકાશક સભા. અમદાવાદ.

૩. **आगमसार**—હિંદીમાં અનુવાદક: વીરપુત્ર શ્રી આનંદસાગરજી મહારાજ. પ્રકાશક: વીરપુત્ર શ્રી આનંદસાગર જ્ઞાનભંડાર. પ્રાપ્તિસ્થાન: મંત્રી શ્રી આનંદજ્ઞાનમંદિર. સૈલાના ( માલવા ).

૪. **જીવનપ્રવાહ** : લેખક: ચંદુલાલ એમ. શાહ. પ્રકાશક: સંસ્કૃતિરક્ષક સસ્તું સાહિત્ય કાર્યાલય. વડોદરા. કિંમત રૂા. ૩–૦–૦

૫. **વિશ્વોદ્ધારક શ્રી મહાવીર ભા. ૧, ૨,** લેખક: મફતલાલ સંઘવી. પ્રકાશક: ઉપર મુજબ કિંમત: બે ભાગના રૂા. ૬–૦–૦

૬. **તત્ત્વાર્થ ઉષા**—મૂળ સૂત્રકાર: શ્રી ઉમાસ્વાતિ વાચક; અર્થલેખક: મુનિ શ્રીભાનુવિજયજી. પ્રકાશક: આર્હંતતત્ત્વદાનપ્રેમગ્રંથશ્રેણિ. પ્રાપ્તિસ્થાન: માસ્તર માનચંદ સંપ્રીતચંદ, જૈન પાઠશાળા, વીસનગર, કિંમત આઠ આના.

૭. **श्रीभावारिवारणपादपूर्त्यादिस्तोत्रसंग्रह ।**

૮. **श्रीचतुर्विंशतिजिनस्तुति : ।**

૯. **चतुर्विंशतिजिनेन्द्रस्तवनानि ।**

ઉપર્યુક્ત ત્રણે પુસ્તકોના સંશોધક: મુનિશ્રી વિનયસાગરજી. પ્રાપ્તિસ્થાન: શ્રી હિંદી જૈનાગમ પ્રકાશક સુમતિ કાર્યાલય, જૈન પ્રેસ, કોટા ( રાજપૂતાના ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No, B. 3801 શ્રી જૈન સત્ય પ્રકાશ.


# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશેષાંકો

### (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

### (૨) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક : મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબ લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

## કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દશમા, અગિયારમા, બારમા, તેરમા તથા ચૌદમા વર્ષની પાકી ફાઈલો તૈયાર છે. મૂલ્ય દરેકના અઢી રૂપિયા

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.


મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ. જૈનધર્મ સત્ય પ્રકાશ સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only